જોકે, લો એનર્જી કોસ્ટ ઈલેક્ટ્રિક એવિએશનના સૌથી મોટા ફાયદાઓમાંથી એક તરફ ઈશારો કરે છે. હાર્ટ એરોસ્પેસના ફાઉન્ડર અને CEO એન્ડર્સ ફોર્સેલુન્ડના જણાવ્યા પ્રમાણે ઈલેક્ટ્રિક કમર્શિયલ એરક્રાફ્ટ 'એરલાઈનના ઈકોનોમિક્સ'ને સંપૂર્ણ રીતે બદલી શકે છે અને આખરે હવાઈ સફરનો ખર્ચ ઓછો કરી શકે છે.

**X1નો ઉપયોગ**

હાર્ટ એરોસ્પેસના પ્લાન કરેલા ES-30 માટે ટેક્નોલોજી ટેસ્ટ કરવામાં આવી રહ્યો છે. આ 30 સીટવાળું હાઈબ્રિડ-ઈલેક્ટ્રિક એરક્રાફ્ટ છે, જેને કંપની 2031 સુધી સર્વિસમાં લાવવાની આશા રાખી રહી છે.

હાર્ટ એરોસ્પેસને આશા છે કે ES-30 પરંપરાગત રીજનલ એરક્રાફ્ટની સરખામણીમાં એરક્રાફ્ટ ઓપરેટિંગ કોસ્ટને 40% સુધી ઓછો કરી દેશે. કંપની આ અનુમાનિત બચતનું કારણ ઓછો એનર્જી કોસ્ટ, ઓછી મેન્ટેનન્સની જરૂરિયાત અને એરક્રાફ્ટની વધુ ભરોસાપાત્ર ક્ષમતાને માને છે. યૂનાઈટેડ, એર કેનેડા અને JSX જેવી એરલાઈન્સે આ એરક્રાફ્ટમાં પહેલાથી જ રસ દર્શાવ્યો છે.

**શું હવાઈ યાત્રા સસ્તી થઈ જશે?**

ઓછું ઈંધણ કે વીજળીનો ઉપયોગ કરનારા અને ઓછા મેન્ટેનન્સની જરૂરિયાતવાળા નાના એરક્રાફ્ટ, ટૂંકા અંતરની હવાઈ સેવાઓને ચલાવવામાં સસ્તી બનાવી શકે છે. પરંતુ ઈલેક્ટ્રિક એરક્રાફ્ટથી ફ્લાઈટ ટિકિટના ભાવ રાતોરાત ખૂબ સસ્તા થવાની શક્યતા ઓછી છે.

ટિકિટની કિંમતો પર ટેક્સ, એરપોર્ટ ફી, સ્ટાફિંગ, એરક્રાફ્ટ ફાઈનાન્સિંગ અને ડિમાન્ડની અસર બનેલી રહેશે. જોકે જો ટેક્નોલોજી યોજના મુજબ કામ કરશે, તો લોકલ રૂટ્સ પર પેસેન્જર્સ સૌથી પહેલા તફાવત અનુભવી શકે છે.

# નેપાળ પૂરનાં 11મા દિવસે મહિલાને જીવતી બહાર કાઢવામાં આવી : ઘરમાં જ કાટમાળ નીચે દટાયેલી હતી; 1300થી વધુ લોકોનાં મોત, 5000 ગુમ

**કરનાલ, તા.05**

નેપાળ પૂરનાં 11મા દિવસે નુવાકોટથી 64 વર્ષીય મહિલાને બચાવવામાં આવી. મહિલા ઘરના કાટમાળ નીચે દટાયેલી હતી. તેને એરલિફ્ટ કરીને કાઠમંડુ લાવવામાં આવી રહી છે.

26 ઓગસ્ટના પૂર પછી રાહત અને બચાવ કાર્ય ચાલુ છે. ત્રિશૂલી બજાર વિસ્તારમાંથી 5 વર્ષના બાળક સહિત ત્રણ ભારતીયોને પણ સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા છે. વિદેશ મંત્રાલય અનુસાર, અત્યાર સુધીમાં 169 ભારતીયોને સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા છે, જ્યારે 275 હજુ પણ ગુમ છે.

નેપાળમાં અત્યાર સુધીમાં લગભગ 1344 લોકોનાં મોત થયા છે, જ્યારે 12 હજાર લોકોને બચાવવામાં આવ્યા છે. હાલમાં 5300થી વધુ લોકો ગુમ છે. સરકારી રિપોર્ટ અનુસાર, પૂરથી 32,000થી વધુ લોકો પ્રભાવિત



થયા છે. નેપાળમાં ઘરમાંથી 64 વર્ષીય મહિલાને જીવતી બહાર કાઢવામાં આવી

નેપાળના નુવાકોટ શહેરમાં શનિવારે બચાવ ટીમે એક તૂટેલા ઘરમાંથી 64 વર્ષીય મહિલાને જીવતી બહાર કાઢી.

અધિકારીઓના જણાવ્યા અનુસાર, મહિલાને સારવાર માટે હેલિકોપ્ટર દ્વારા કાઠમંડુ લઈ જવામાં આવી રહી છે. નેપાળી સેનાની રેસ્ક્યુ ટીમે પૂરગ્રસ્ત અપર ત્રિશૂલી-1 હાઈડ્રોપાવર પ્રોજેક્ટની સુરંગમાંથી એક ચીની નાગરિકને જીવતો બહાર કાઢ્યો છે.

તે ચીની નાગરિક ભોટેકોશી નદીમાં આવેલા ભયાનક પૂર પછી સુરંગની અંદર ફસાઈ ગયો હતો.

રેસ્ક્યુ ઓપરેશન 216 મેગાવોટના અપર ત્રિશૂલી-1 પ્રોજેક્ટની ઓડિટ-4 સુરંગમાં ચલાવવામાં આવ્યું હતું. તેમાં નેપાળ સેના અને દક્ષિણ કોરિયાના આપત્તિ નિષ્ણાતોની સંયુક્ત ટીમ સામેલ હતી.

સુરંગમાંથી બહાર કાઢ્યા પછી ચીની નાગરિકને સારવાર માટે નુવાકોટના ત્રિશૂલી સ્થિત મૈથિલ બેરેક લઈ જવામાં આવી રહ્યો છે.

## તંત્રી લેખ

# ભરાયેલા વરસાદી પાણીએ લક્ઝરી હોમના લોકોની ઊંઘ હરામ કરી નાખી

બદલતા હવામાન અને વધતી કુદરતી હોનારતોના પગલે ઓફિસ અને રેસિડન્સ ખરીદનારા ચેતી ગયા છે. ઓફિસનો વિસ્તાર ભલે કોર્પોરેટ ટચવાળો હોય પરંતુ સખત્ત વરસાદમાં ત્યાં પહોંચી ના શકાય કે ત્યાંથી નીકળી ના શકાય તો શું કામનું? એવુંજ શહેરથી દૂર શાંતિ ઝંખતા લોકો ફાર્મ હાઉસ કે લક્ઝરી બંગલા ખરીદતા હોય છે. રાત્રે એકલ દોકલ લોકો પણ ફરકતા ના દેખાય એવા વિસ્તારોમાં રહેતા લોકો માટે સખત્ત વરસાદ અને ગરમી પરેશાન કરતી ગઈ છે.

આ વર્ષે સખત્ત ગરમી બાદ પડેલા સખત્ત વરસાદે લોકોના લક્ઝરી હોમના સપનાને ધોઈ નાખ્યું હતું. શહેરથી દુર નવી સ્કીમો અને લક્ઝરી હોમમાં રહેવાનો અભરખો રાખનારા અટવાઈ ગયા હતા. અમદાવાદ અને સુરત જેવા શહેરોમાં લક્ઝરી હોમ જોવા મળે છે એવું નથી. નડિયાદ આણંદ, સાણંદ, દહેગામ જેવા વિસ્તારોમાં પણ લક્ઝરી હોમ જોવા મળે છે અને નોનરેસીડેન્ટ ઈન્ડિયન ત્યાં રોકાણ કરતા હોય છે.

શહેરથી દુર રહેવાની મજા એમ કહેનારાઓએ આ વર્ષે પોતાના વિચારો બદલવાની જરૂર પડશે. અનેક લોકોના ઘર મોટા હતા પરંતુ તે લોકો ત્રણ-ત્રણ દિવસ સુધી ઘરની બહાર નીકળી શક્યા નહોતા. જે લોકોને પોતાના પાડોશી કોણ છે તેમની ખબર નહોતી તેમની સાથે કલાકો વિતાવવા પડયા હતા. લક્ઝરી હોમ ખરીદનારા ક્લબ હાઉસ,બોર, પાણીની-વિજળીની વૈકલ્પિક સવલતો, સ્વિમીંગ પુલ, મોર્નિંગ વોક વે વગેરેનું ધ્યાન રાખતા લોકો નજીકમાં મંદિર કે દેરાસરનો આગ્રહ રાખે છે પરંતુ વિસ્તારમાં ભરાયેલા પાણીના નિકાલની વ્યવસ્થાનું ક્યારેય વિચારતા નહોતા. પરંતુ હવે દરેક જાણી ગયા છે કે સ્કીમ ગમે તેટલી મોટી હોય કે તેના ડેવલોપર્સ ભલે વગદાર હોય પરંતુ પાણીના નિકાલની વ્યવસ્થા જે તે કોર્પોરેશન કે નગર પાલિકા કરતી હોય છે.

પાણીનો નિકાલ મોટા શહેરોમાં સળગતી સમસ્યા છે. સતત ડેવલોપમેન્ટના કારણે નવા વિસ્તારોમાં ડેવલોપ થયા કરે છે. વરસાદની વિદાય બાદ બાંધકામો ફરી શરૂ થશે. ખેતી લાયક જમીનોમાં વિશાળ ફ્લેટો કે બંગલા તૈયાર થતા જોવા મળશે. નવી કોલોનીમાં સિમેન્ટના રોડનો આગ્રહ રાખવામાં આવે છે. સિમેન્ટના રોડના કારણે પાણી જમીનમાં ઉતરતું નથી અને બહાર રહીને વહેણની દિશામાં ખેંચાઈ જાય છે. કેટલીક સ્કીમો તળાવ પુરીને બનાવેલી હોય છે. તેના કારણે કુદરતી વહેણ બંધ થઈ ગયા હોય છે.


મોટાભાગની સ્કીમો માટી દબાવીને થોડી ઉંચાઈ પર રાખવામાં આવે છે જેથી સ્કીમની જગ્યા પર પાણીના ભરાય. આવું દરેક નવી સ્કીમોમાં જોવા મળ છે. સ્કીમ ઉંચાઈ પર હોવાથી તેમજ ત્યાં સિમેન્ટના રોડ હોવાથી પાણી ભરાતું નથી અને જમીનમાં પણ ઉતરતું નથી. જેના કારણે પાણી બહાર જતું રહે છે અને રોડ પર વહેવા લાગે છે. આવુંજ આસપાસના દરેક વિસ્તારોનું હોય છે. આ પાણીના ત્વરીત નિકાલની વ્યવસ્થા સ્કીમ ઉંચાઈ પર હોવાથી ત્યાં પાણી ભરાતું નથી પણ અવર જવરના માર્ગ પર જ્યારે ઘૂંટણ સમાન પાણી ભરાયા હોય ત્યારે લક્ઝરી હોમમાં રહેનારાને યાતના ભોગવવી પડે છે.

ગામડાના લોકો શહેર તરફ આવી રહ્યા છે. વિશ્વ બેંકનું તારણ છે કે ૨૦૫૦ના વર્ષ સુધીમાં વિશ્વની ૭૦ ટકા વસ્તી શહેરોમાં રહેતી હશે. લોકો શહેરમાં વસવાટ કરતા થશે એટલે હાઉસીંગ, ટ્રાન્સપોર્ટ, પાણીનો નિકાલ વગેરેની સવલતોની જરૂર પડશે. મોટી સ્કીમોના ડેવલોપર્સે માત્ર મકાનો ઉભા કરી દેવા પર ધ્યાન આપવાના બદલે વિસ્તારના વિકાસના પગલે ઉભી થનારી ઈકો સિસ્ટમ પર પણ ધ્યાન આપવું પડશે. લોકોએ પણ બિલ્ડરોને પાણીના નિકાલ અંગે પ્રશ્નો પૂછવા પડશે. રેસીડેન્સ પ્રોજક્ટ ઉભો કરવા સાથેજ રેન વાટેર હાર્વેસ્ટીંગ, વોટર રિસાયકલીંગ, રીન્યૂએબલ એનર્જી વગેરેનું ખાસ ધ્યાન રાખવું પડશે.

**નવીદિલ્હી: કોકરોચ જનતા પાર્ટીના સ્થાપક અભિજીત દિપકેએ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પ્રમુખ મોહન ભાગવતના વિદ્યાર્થી આંદોલન અંગેના નિવેદનનો આડકતરી રીતે જવાબ આપ્યો છે. દિપકેએ X પર લખ્યું, "ટુ હુમ ઈટ મે કંસર્ન..." સાથે ભાગવતના નિવેદનની પોસ્ટ મૂકી. તેમનો ટોણો ભાજપના નેતાઓ માટે હતો, જેમણે વિદ્યાર્થીઓના આંદોલનને રાષ્ટ્રવિરોધી ગણાવ્યું હતું.**

# મોહન ભાગવતના નિવેદન પછી દિપકેનો વળતો ઘા

## ભાજપનું માનવું છે કે, એનસીપી (અજીત પવાર) મહાયુતિ સરકારનો હિસ્સો છે



નવીદિલ્હી : રાષ્ટ્રીય સ્વય સેવક સંઘના પ્રમુખ મોહન ભાગવતે વિદ્યાર્થી આંદોલન બાબતે જે નિવેદન આપ્યું છે એનો જવાબ કોકરોચ જનતા પાર્ટીના સ્થાપક અભિજીત દિપકેએ આડકતરી રીતે આપ્યો છે. દિપકેએ સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર લખ્યું છે કે 'ટુ હુમ ઈટ મે કંસર્ન (જેમણે સમજવું છે, એ સમજી જાય) આટલા લખાણની સાથે ભાગવતના નિવેદનની પોસ્ટ દિપકેએ મૂકી છે. ખરેખર તો દિપકેનો ટોણો ભાજપના નેતાઓ માટે છે કે જેમણે વિદ્યાર્થીઓના આંદોલનને રાષ્ટ્ર વિરોધી ગણાવ્યું હતું. કોકરોચ જનતા પાર્ટીના નેતાઓ વચ્ચે ભાગવતના નિવેદનની ચર્ચા થઈ હતી. દિપકે સહિતના બીજા નેતાઓનું પણ માનવું છે કે મોહન ભાગવતના અને ભાજપના પગ નીચે રેલો આવ્યો હોવાથી હવે તેઓ યુવા વર્ગને આકર્ષિત કરવા નાટક રહી રહ્યા છે. જોકે જેન ઝી ભાગવતની વાત પર વિશ્વાસ કરે એ શક્ય નથી.'

**પંજાબમાં ફરીથી ભાજપ - અકાલી હાથ મેળવી શકે છે**

પંજાબ વિધાનસભાની ચૂંટણીને હવે થોડા મહિના બાકી રહ્યા છે. સીરોમણી અકાલી દળના પ્રમુખ સુખબીર સિંહ બાદલએ દિલ્હી જઈને વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી છે. લાંબા સમય પછી બંને પાર્લામેન્ટ હાઉસમાં મળ્યા હતા. બંને નેતાઓની આ મુલાકાત પછી રાજકારણમાં ચર્ચા શરૂ થઈ ગઈ છે. અકાલી દળ સાથે ભાજપ ફરીથી ગઠબંધન કરી રહ્યું હોવાની વાતો શરૂ થઈ ગઈ છે. મોદી - સુખબીરની મુલાકાત પછી આપના સુપ્રિમો અરવિંદ કેજરીવાલે ટોણો મારતા લખ્યું હતું કે, 'ના ના કરતે પ્યાર તુમહી સે કર બેઠે તો શું હવે ચંદા ચોર પાર્ટી અને અનાદર પાર્ટી વચ્ચે ગઠબંધન થઈ રહ્યું છે?' કેજરીવાલના આ ટોણાનો જવાબ સુખબીર બાદલે આપ્યો હતો અને કહ્યું હતું કે શું તમને તમારૂ વચન યાદ છે કે પંજાબમાં ૨૦ હજાર કરોડનો ગેરકાયદેસર ખનન તમે બંધ કરાવશો? તમારી બધી ગેરંટી ગટરમાં ફેંકવા લાયક છે.

**પ્રશાંત કિશોર અને સુનેત્રા પવાર વચ્ચેની મુલાકાતથી ભાજપ ચિંતીત**

જનસુરાજ પાર્ટી (જેએસપી) ના સ્થાપક પ્રશાંત કિશોર અને એનસીપી (અજીત પવાર)ના પ્રમુખ તેમજ મહારાષ્ટ્રના ઉપમુખ્યમંત્રી સુનેત્રા પવાર વચ્ચે મીટીંગ થઈ હતી. ત્રણ મહિનામાં પ્રશાંત કિશોરે સુનેત્રા સાથે આ બીજી વખત મીટીંગ કરી હતી. આ મીટીંગથી મહારાષ્ટ્ર સરકારની એનસીપી (અજીત પવાર) સાથે જોડાયેલો સાથી પક્ષ ભાજપ નારાજ થયો છે. ભાજપનું માનવું છે કે, એનસીપી (અજીત પવાર) મહાયુતિ સરકારનો હિસ્સો છે અને એટલે પ્રશાંત કિશોર સાથે વાતચીત કરવી યોગ્ય નથી. છઠ્ઠી ઓગસ્ટે મુંબઈમાં સુનેત્રા પવારના સરકારી રહેઠાણ 'દેવગીરી' ખાતે પ્રશાંત કિશોર અને પવાર વચ્ચે પાંચ કલાક સુધી મીટીંગ ચાલી હતી. આ મીટીંગમાં પવારના પુત્ર પાર્થ પવાર પણ હાજર રહ્યા હતા. રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે કે, એનસીપી (અજીત પવાર) પ્રશાંત કિશોરને રાજકીય સલાહકાર બનાવવા માંગે છે.

**ઝારખંડના વિદ્યાર્થીઓના સમર્થનમાં મૈથીલી ઠાકુર**

ઝારખંડમાં જેપીએસસી - જેએસએસસીના વિદ્યાર્થીઓ વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. હવે આ વિરોધ પ્રદર્શનને ભાજપના અલીનગર વિધાનસક્ષા ક્ષેત્રના ધારાસભ્ય મૈથીલી ઠાકુરે ટેકો જાહેર કર્યો છે. મૈથીલી ઠાકુરનું કહેવું છે કે હેમંત સરકારે વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરવી જોઈએ અને એમની ફરિયાદ સાંભળવી જોઈએ. વિદ્યાર્થીઓનો વિરોધ અહિંસક છે. હું વિદ્યાર્થીઓથી પ્રભાવિત થઈ છું. છેલ્લા કેટલાક દિવસોથી ઝારખંડના વિદ્યાર્થીઓના આંદોલનનો વ્યાપ વધી રહ્યો છે. મૈથીલી ઠાકુરનું માનવું છે કે, સોશ્યલ મીડિયા પર જોવા મળતા વીડિયો, ભાષણો અને પોસ્ટથી જાણવા મળે છે કે, વિદ્યાર્થીઓનો વ્યવહાર પ્રશંસનીય છે. મને આશા છે કે સરકાર જલ્દી એમની વાત સાંભળશે. મૈથીલી ઠાકુર સોશ્યલ મીડિયા પર ખૂબ જ લોકપ્રિય છે.

**જસ્ટીસ યશવંત વર્મા વિરુદ્ધની અરજીથી સુપ્રિમ કોર્ટ નારાજ**

કરોડો રૂપિયાની સળગી ગયેલી રોકડ રકમથી ચર્ચામાં આવેલા દિલ્હી હાઈકોર્ટના ભૂતપૂર્વ જજ યશવંત વર્મા વિરુદ્ધની અરજી સાંભળવાનો સુપ્રિમ કોર્ટે ઈન્કાર કરી દીધો છે. એ વખતે સુપ્રિમ કોર્ટે અરજી કરનારની ટીકા પણ કરી હતી. અરજી ફગાવી દેતા સુપ્રિમ કોર્ટે કહ્યું હતું કે, આ અરજી ફક્ત સસ્તી પ્રસિદ્ધ માટે દાખલ કરવામાં આવી છે. અરજી કરનારે યશવંત વર્મા વિરુદ્ધ એફઆઈઆર દાખલ કરવા અને કોર્ટને દેખરેખ હેઠળ એસઆઈટીની તપાસ માંગી હતી.

રોકડ કૌભાંડ પછી જસ્ટીસ વર્મા સામે તપાસ કરવા માટે એક કમીટીની નિમણૂક થઈ જ હતી. જસ્ટીસ પી એસ નરસિંમ્હા અને જસ્ટીસ આલોક અરાધેની બેંચે અરજી સાંભળવાનો ઈન્કાર કર્યો હતો. આ પહેલા દલીલ કરતા અરજી કરનારે કહ્યું હતું કે જસ્ટીસ વર્માએ ભલે રાજીનામું આપી દીધું હોય, પરંતુ એમની જવાબદારી ઓછી થતી નથી.

**દક્ષિણ આફ્રિકાએ હાઈ કમિશનરને પાછા કેમ બોલાવ્યા**

ભારતમાં દક્ષિણ આફ્રિકાના હાઈ કમિશનર અનીલ સુખલાલને પાછા બોલાવી લેવામાં આવ્યા છે. એમના પર આક્ષેપ છે કે તેઓ રાષ્ટ્રપતિ જૈકબ જુમા અને ભારતીય મૂળના એક વેપારી વચ્ચે થયેલી બેઠકમાં હાજર રહ્યા હતા. આ વેપારી સામે ભ્રષ્ટાચારના આક્ષેપો થયા છે. દક્ષિણ આફ્રિકાના વિદેશ મંત્રી રોનાલ્ડ લમોલાએ કહ્યું હતું કે, સુખલાલને પૂછપરછ માટે પાછા બોલાવવામાં આવ્યા છે. જુમા અને સુખલાલની સાથે હરીદ્વારમાં રહમી જુને વિવાદીત વેપારી અજય ગુપ્તાની તસવીરો બહાર આવી હતી. જોકે સુખલાલનું માનવું છે કે આ એક ઔપચારીકતા છે અને ચિંતાનું કોઈ કારણ નથી. તેઓ બે દિવસ પછી દિલ્હી પરત ફરશે. દક્ષિણ આફ્રિકામાં રાજદ્વારીઓ કોઈપણ વિવાદાસ્પદ વ્યક્તિને મળી શકતા નથી.

**રાહુલ વિરુદ્ધ અરજી કરનારને સીબીઆઈએ પૂછપરછ માટે બોલાવ્યા**

કોંગ્રેસના સાંસદ અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી વિરુદ્ધ આવકથી વધારે મિલકત હોવાનો આરોપ મૂકનાર ભાજપના સભ્ય વિધ્નેશ શીશીરને સીબીઆઈએ પૂછપરછ માટે બોલાવ્યા છે. અલ્હાબાદ હાઈકોર્ટની લખનૌ બેંચે મે મહિનાની ૧૨મી તારીખે આ બાબતે બંધ બારણે બે કલાક સુધી સુનાવણી કરી હતી. જસ્ટીસ આર એસ ચૌહાણ અને જસ્ટીસ બી આર સિંહની બેંચે કહ્યું હતું કે, સીબીઆઈએ જણાવ્યું છે કે, એમને અરજી કરનારની ફરિયાદ મળી ગઈ છે અને ૮ અઠવાડિયામાં કોર્ટમાં જવાબ રજૂ કરશે. શીશીરે રાહુલ ગાંધી પર આક્ષેપ કર્યો છે કે કોંગ્રેસના નેતાએ આવક કરતા વધુ મિલકતો ભેગી કરી છે. આ ફરિયાદની તપાસ સીબીઆઈ અને ઈડી પાસે કરાવવાની માંગણી કરવામાં આવી હતી. અગાઉ ન્યાયાધીશોએ કહ્યું હતું કે જો અરજી કરનાર શીશીરની ફરિયાદ મળી હોય તો કાયદા પ્રમાણે સત્ય તપાસવું જોઈએ. બેંચે સીબીઆઈ તેમજ ઈડી સિવાય કેન્દ્ર સરકારના મહેસુલ વિભાગ, નાણા મંત્રાલય, કોર્પોરેટ બાબતોના મંત્રાલય જેવા વિભાગોને પણ રાહુલ ગાંધી વિરુદ્ધ થયેલી ફરિયાદનો જવાબ આઠ અઠવાડિયામાં આપવા કહ્યું હતું.

# જીવનયાત્રાના સહપ્રવાસીઓ: ક્ષમા, ધીરજ અને નામસ્મરણથી મળતી સાચી જીત



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

માણસનું જીવન એક લાંબી યાત્રા છે. આ યાત્રામાં આપણે કોઈની સાથે હસીએ છીએ, કોઈની સાથે રડીએ છીએ, કોઈની પાસેથી શીખીએ છીએ અને કોઈની ભૂલોને કારણે કસોટીમાંથી પસાર થઈએ છીએ. પણ એક વાત નક્કી છે, અહીં કોઈ પણ કાયમ માટે આપણી સાથે નથી. દરેક વ્યક્તિ થોડા સમય માટેનો સહપ્રવાસી છે. જે સ્ટેશન પર આપણે ઉતરીએ છીએ, તે જ સ્ટેશન પર બીજા પણ ઉતરી જાય છે.

આજે આપણે મહાભારત પછીના એક પ્રસંગ અને સંતોની વાણીના આધારે એ જ સમજવાનો પ્રયાસ કરીશું કે જીવનમાં સાચી બહાદુરી શું છે, પાપથી કેવી રીતે બચવું અને મનની શાંતિ કેવી રીતે ટકાવી રાખવી. કારણ કે શરીરની તાકાતથી જીત મળે, પણ મનની તાકાતથી મુક્તિ મળે છે.

મહાભારતનું ભયંકર યુદ્ધ પૂરું થઈ ગયું હતું. રાજ્ય સ્થિર થયું હતું, પણ મન હજુ શાંત થયા ન હતા. એક દિવસ અર્જુન અને ભીમ ભગવાન શ્રીકૃષ્ણ સાથે હસ્તિનાપુર થી એક ઋષિના આશ્રમ તરફ જઈ રહ્યા હતા. રસ્તો લાંબો હતો, એટલે તેઓ બીજા સામાન્ય મુસાફરોની જેમ એક સાદી બળદ ગાડીમાં બેસી ગયા.

થોડે દૂર ગયા પછી એક ગુસ્સા વાળો મુસાફર ભારે સામાન લઈને ગાડીમાં ચઢ્યો. તેણે વિચાર કર્યા વિના પોતાનો સામાન એવી રીતે મૂક્યો કે તેનો ભાર સીધો અર્જુનના ખભા અને પગ પર આવી પડ્યો. એટલું જ નહીં, ગાડીના ઝટકા સાથે તે વારંવાર અર્જુનને અથડાતો પણ રહ્યો.

ભીમનો સ્વભાવ જ ઉગ્ર હતો. તેમને આ અપમાન સહન ન થયું. તેમણે તરત કહ્યું, 'પાર્થ, આ માણસ તમને હેરાન કરી રહ્યો છે. એક શબ્દ કહો, હું અત્યારે જ તેને તેની જગ્યા બતાવી દઉં.'

અર્જુન હસ્યા.શાંતિથી બોલ્યા, ભાઈ ભીમ, ધીરજ રાખો. આપણે થોડી જ વારમાં આપણા મુકામે ઉતરી જવાના છીએ. આ માણસ પણ પોતાના રસ્તે જતો રહેશે. આટલી ટૂંકી મુસાફરી માટે જો હું ગુસ્સો કરીશ, ઝગડો કરીશ, તો નુકસાન આખરે મારું જ થશે. મારી શાંતિ બગડશે.'

અર્જુનની વાત સાંભળીને ભગવાન કૃષ્ણ મંદ મંદ હસ્યા. તેમણે કહ્યું, 'પાર્થે આજે જીવનનું સૌથી મોટું રહસ્ય સમજી લીધું. આખી દુનિયા જ એક બળદગાડી જેવી છે. આપણે બધા તેમાં સહપ્રવાસી છીએ. કોઈ આદર આપે છે, કોઈ અપમાન કરે છે. કોઈ સુખ આપે છે, કોઈ દુ:ખ આપે છે. પણ જો આપણે દરેક નાની વાત પર ગુસ્સો કરવા લાગીએ, તો આપણે આપણી જ યાત્રાને કડવી બનાવી દઈએ.'

કૃષ્ણે આગળ કહ્યું, 'માનવજીવન બહુ દુર્લભ છે અને બહુ ટૂંકું પણ છે. ક્યારે કોની યાત્રા પૂરી થઈ જાય કોઈને ખબર નથી. એટલા માટે ક્ષમા રાખો, ધીરજ રાખો અને પ્રેમથી જીવો. આ જ સાચું શાણપણ છે.'

આ સાંભળીને ભીમ નમ્ર થઈ ગયા. તેમણે કહ્યું, 'આજે સમજાયું કે સૌથી મોટી શક્તિ હાથના ગદામાં નથી, પોતાના ક્રોધને જીતવામાં છે.' તે દિવસથી ભીમે નક્કી કર્યું કે નાની નાની વાતમાં ગુસ્સો નહીં કરે, ડહાપણથી જવાબ આપશે.

જીવનમાં કોઈ પણ ક્રિયા અચાનક થતી નથી. પહેલા મનમાં વિચાર આવે છે. પછી જીભ પર શબ્દ આવે છે. અને છેલ્લે શરીરથી ક્રિયા થાય છે. સંતો કહે છે, પાપ કરવાની ક્ષણ પહેલા પાપનો ઉચ્ચાર મનમાં કે જીભ પર થઈ જાય છે. જો તે જ ક્ષણે તેને કાપી નાખીએ, તો પાપ થતું અટકી જાય છે.

પહેલા વિચાર બગડે છે, પછી વાણી બગડે છે અને પછી વર્તન બગડે છે. એટલે જ્યારે મનમાં ખરાબ વિચાર આવે, ક્રોધ આવે, લોભ આવે, ત્યારે તરત મનને ધિક્કારો. ઠંડા પાણીથી મોઢું ધુઓ. અને તરત પરમાત્માનું નામ લો. પ્રાર્થના કરો, 'નાથ, આ કામ મને પજવી રહ્યું છે. આ ક્રોધ મને છોડતો નથી. કૃપા કરો.'

સાચા હૃદયની પ્રાર્થનામાં બહુ તાકાત છે. ભગવાન તરત રક્ષણ કરે છે.સંતો સતત પ્રભુના નામનુંસ્મરણ કરે છે એટલે જ તેમનાથી પાપ થતું નથી. નામસ્મરણ એક ઢાલ જેવું છે.

આપણે સૌએ બાળપણમાં કૃષ્ણની કથા સાંભળી છે. જ્યારે બાળકૃષ્ણ અને ગોવાળિયા અઘાસુરના મોંમાં ગયા હતા, ત્યારે તેઓ ડરીને નહીં, તાળી પાડતા પાડતા ગયા હતા. તાળીનો અર્થ શું? તાળી એટલે કીર્તન. નામનો નાદ.

સંતો કહે છે, જો ક્યારેક લાચારીથી કે ભૂલથી પાપના મુખમાં જવું જ પડે, તો પણ ભગવાનનું નામ લેતા જજો. નાદબ્રહ્મમાં મન લીન થાય એટલે પછી પરબ્રહ્મ સુધી પહોંચી જવાય છે. પાપની વાસના ત્યારે જ છૂટે છે જ્યારે ભગવાનને સાથે રાખીએ. એટલે જ કહેવાય છે, જો પાપ કર્યા વગર ન રહી શકો તો ઓછામાં ઓછું ભગવાનને સાક્ષી રાખીને કરો અને પછી તરત ક્ષમા માંગો. પણ આ તો કનિષ્ટ માર્ગ છે.

ઉત્તમ માર્ગ તો એક જ છે, પાપનો વિચાર પણ ન આવે. કારણ કે પુણ્ય અને પાપ બંનેનો ભોગવ્યા વગર નાશ નથી થતો. પુણ્ય ભોગવવા માટે પણ જન્મ લેવો પડે છે. એટલે જ ઋષિઓ અંતે પોતાના પુણ્ય પણ શ્રીકૃષ્ણને અર્પણ કરી દે છે. પાપ તો ભોગવ્યા વગર છૂટતું જ નથી. હા, કોઈ મહાપુરુષની કૃપા હોય તો પાપની વાસના મૂળમાંથી બળી જાય છે.કામ, ક્રોધ અને સત્ત્વ ગુણ અર્જુને ગીતામાં ભગવાનને પૂછ્યું હતું, 'હે કેશવ, માણસની ઈચ્છા ન હોય તોપણ તે પાપ કેમ કરે છે? કોણ તેને ધકેલે છે?'

ભગવાને જવાબ આપ્યો, 'રજોગુણ માંથી ઉત્પન્ન થયેલા કામ અને ક્રોધ જ માણસના સૌથી મોટા શત્રુ છે. તે જ તેને પાપમાં ઘસડી જાય છે. 'એટલે પાપથી બચવાનો ઉપાય બહાર નથી,અંદર છે. રજો ગુણ ઓછો કરો.સત્ત્વગુણ વધારો. સત્સંગ કરો,સેવા કરો,સાદું જીવો, નામસ્મરણ કરો.જ્યારે મન શાંત અને સત્ત્વિક થાય છે, ત્યારે ક્રોધ આપોઆપ ઓછો થાય છે અને ધીરજ વધે છે.

સંત પુરુષોની ઢાલ લેવી એટલે જ આ તેમના સાનિધ્યમાં રહેવાથી, તેમની વાણી સાંભળવાથી આપણા અંતરાત્માને બળ મળે છે. નહીંતર અંતરાત્મા કહે છે કે પાપ ન કર, છતાં મન લપસી જાય છે.

સાચી બહાદુરી શું છે?બળદગાડાના તે પ્રસંગે અર્જુને જે કર્યું તે જ સાચી બહાદુરી છે. સામે વાળાને હરાવવો સહેલું છે, પણ પોતાના ગુસ્સાને હરાવવો બહુ અઘરો છે.

જીવનની આ યાત્રામાં આપણને જે કોઈ મળે તે ભગવાનનો જ દૂત સમજો. કોઈ પરીક્ષા લેવા આવે છે,

# વિકાસ ક્ષેત્રે માત્ર એક વર્ષમાં ભારતે આઠમા ક્રમાંથી પાંચમા ક્રમ સુધીની હરણફાળ ભરી!

15/8/2026 આવી રહી છે, અને આ વર્ષે ભારત આઝાદીનાં 80 માં વર્ષની ઉજવણી કરશે! વડાપ્રધાન નરેન્દ્ર મોદી લાલ કિલ્લા પરથી દેશ વાસીઓને આ દિવસનાં અભિનંદન આપશે, અને આ આઝાદી માટે અને પછી સરહદે શહીદ થઈ કેટલુંય બલિદાન આપ્યું છે, એવાં કેટલાંય વીર શહીદોને સન્માનિત કરશે, અને બીજુંય કેટલુંય. પરંતુ ભારતનું નામ આજે સમગ્ર વિશ્વમાં ઈજ્જતથી લેવાં જેટલો તો એણે વિકાસ કર્યો જ છે, એમાં કોઈ બે મત નથી! એ વિકાસ વિશે આપણે આગળ વાત કરીશું! પણ શું એવું નથી લાગતું કે આપણું એક પાસું હજી વધુ મજબૂત હોય, તો આપણે હજી વધુ વિકાસ સાધી શકીએ ? અને એ છે ગંદી રાજનીતિ! કે જેને કારણે ભારત સરકારની નિતીને કારણ વગર પડકારવામાં આવે છે, અને પોતાની સફાઈ દેવામાં જે સમય જાય એનું મૂલ્ય કેટલું છે?; એ વિપક્ષ અને સમાજ ક્યારે સમજશે! અને છોડો એ રાજકીય દાવપેચ! પરંતુ નાગરિકો એ આવાં પોલીટિકલ સ્ટંટ ને બઢાવો દેવો જોઈએ નહીં! એટલું તો નાગરિકોની ફરજમાં આવે જ છે! દાખલા તરીકે છેલ્લાં કેટલાક દિવસોથી નેટનાં પેપર લીક થવા અંગે લીગલી પ્રોસિઝર થઈ ગઈ હોવા છતાં કોઈ ને કોઈ બહાને આ મુદ્દો સળગતો રાખવાનું કારણ શુ છે? આમ ત્રણ મહિને કોઈ ને કોઈ મુદ્દે વિપક્ષ સમાજમાં અને સંસદમાં હોબાળો કરી અંતે તો આપણે આપેલા ટેક્સના રુપિયા જ વાપરે છે! એટલી સમજ તો દરેક નાગરિકને હોવી જ જોઈએ!



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

વિકાસ વાત કરીએ તો છેલ્લાં કેટલાક વર્ષોમાં ભારતે વિવિધ ક્ષેત્રોમાં નોંધપાત્ર પ્રગતિ કરી છે.

**ભારત આજે વિશ્વની ટોચની 5 સૌથી મોટી અર્થવ્યવસ્થાઓમાં સામેલ છે,આર્થિક રીતે એ બહુ મોટી સફળતા કહેવાય.

**પહેલાં ગામડાઓમાં પાણી અને વીજળી પણ પહોંચી નહોતી, અને આજે દેશનાં ગામડાઓ સુધી ડિજિટલ પેમેન્ટ સિસ્ટમ સફળતાપૂર્વક પહોંચી છે, અને ઈન્ટરનેટ સુવિધા પણ ઉપલબ્ધ છે.

**નાનાં માં નાનાં ગામડા સુધી પાકાં રસ્તા અને બસ સુવિધા પહોંચે એવું દેશમાં હાઈવે નેટવર્ક તૈયાર થયું છે. વંદે ભારત જેવી લેટેસ્ટ ટેકનોલોજી વાળી ટ્રેનો અને ડોમેસ્ટિક અને ઈન્ટરનેશનલ એરપોર્ટની સંખ્યામાં પણ મોટો વધારો થયો છે, અને ખાસકરીને આપણાં અયોધ્યા, કાશી, બૌદ્ધગયા, મદૂરાઈ, શિરડી, તિરુપતિ, અમૃતસર જેવા તીર્થોની સંસ્કૃતિને વધુ લોકપ્રિય બનાવ્યું, આ પહેલ બીરદાવવાં લાયક છે.

**ગરીબી રેખા અને કલ્યાણ યોજનાઓ અંતર્ગત આયુષ્માન ભારત અને પીએમ આવાસ યોજના જેવી યોજનાઓથી કરોડો પરિવારોને પાકા ઘર અને મોટી મોટી હોસ્પિટલમાં મફત સારવાર મળે છે.

**ટેક્નોલોજી અને સ્પેસ ની વાત કરીએ તો સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમમાં ભારત ત્રીજા ક્રમે છે, તેમજ ઈસરો ના સ્પેસ મિશન દ્વારા કેટલાંય પડકારો સામે રક્ષણની તૈયારીથી ભારતે વૈશ્વિક સ્તરે ડંકો વગાડ્યો છે.

** ગત વર્ષોમાં રાષ્ટ્રીય સુરક્ષા, રિન્યુએબલ એનર્જી એટલે કે ગ્રીન એનર્જી કે જેની ખરેખર આજે જરુર છે એની પર કામ થઈ રહ્યું છે. દિવસે દિવસે બેકારી વધતી જાય છે એ સંદર્ભે ભારતના યુવા રોજગાર માટે પ્રધાનમંત્રી વિકસિત ભારત રોજગાર યોજના જેવી મોટી નીતિઓ અમલમાં મૂકવામાં આવી છે, કે જેના દ્વારા દેશના લાખો લોકોને રોજગાર મળશે.

**વિકાસની સાથે સાથે દેશ સામે કેટલાક ચાવીરૂપ પડકારો પણ છે, જેમ કે દિવસે દિવસે વધતી વસ્તી, અને મોંઘવારી! જેના પર સરકાર સતત કામ કરી રહી છે. યુવાઓ માટે ગુણવત્તાયુક્ત મફત શિક્ષણ અને નવા નવા ક્ષેત્રમાં રોજગારીનું તેમજ સ્ટાર્ટ અપ બીઝનેસ માટેની તકોનું સર્જન, કરી મોંઘવારી પર નિયંત્રણ કરવું એવા ઠોસ પગલાં લીધા છે.

આ બધી વાતો તો થઈ વર્તમાનની પણ 20 મી સદીના ઉત્તરાર્ધમાં જન્મેલા તેમજ 21મી સદીમાં જન્મેલા ભારતીય નવયુવાનોએ ભારતની એ પરિસ્થિતિને જોઈ ન્હોય તો, આઝાદીનું મૂલ્યાંકન કઈ રીતે કરી શકાય? એની ખબર ન્હોય, માટે 2021 માં સરકારે અમૃત મહોત્સવ દ્વારા એમનામાં એવો દેશ પ્રેમ જગાવવાની આ પ્રક્રિયા હતી, જે આવકાર દાયક પગલું કહી શકાય! બીજું હજી વધુ વિકાસ માટે ભારતના યુવાનો એ ભારત માં જ પોતાની બૌદ્ધિકતા નો ઉપયોગ કરવો! કારણ કે આજનાં યુવાનો ને વિદેશ તરફનું આકર્ષણ છે! પરંતુ યુવાનો માત્ર રુપિયા માટે જ ત્યાં જતાં નથી હાં એ એનું સૌથી મોટું કારણ તો છે જ! પરંતુ ત્યાંનું વર્ક કલ્ચર પણ બેસ્ટ છે! અને સ્પર્ધા કે પ્રમોશન માટેની કોઈ ખેંચાખેંચી નહીં! માટે કંપનીઓ એ એમ્પ્લોયરનું શોષણ કરવાનું બંધ કરવું પડે, અને તો આપણું અર્થતંત્ર પણ હજી વધુ મજબૂત થાય એટલે કે રુપિયાનો ભાવ વધે.

આજે તો ભારત મજબૂત અર્થતંત્ર ધરાવતો પાંચમાં ક્રમે આવતો દેશ છે. પ્રથમ અમેરિકા, બીજું ચીન, ત્રીજું જર્મની, ચોથું જાપાન, અને પાંચમું ભારત ગયાં વર્ષે લેખ લખ્યો ત્યારે ભારતનું આઠમું સ્થાન હતું! આમ વિચારોની ગતિથી વૈજ્ઞાનિક અભિગમ રાખી તે વિકાસ તરફ હરણફાળ ભરી રહ્યો છે. એટલે જેમાં આપણે કંઈ જ કરી શકતા ન હોઈએ એ વાત સરકાર પર છોડીને આપણે આપણી રીતે દેશપ્રેમ સિદ્ધ કરવાનો છે? તો એની માટે શું કરીશું? માત્ર સોશિયલ મીડિયા પર રાષ્ટ્રધ્વજ સાથે ફોટો અપલોડ કરવો, એટલું દેશપ્રેમ માટે પર્યાપ્ત નથી,એ વાત દરેક ભારતીયે યાદ રાખવાની છે. તો આપણને પ્રશ્ન થાય કે આપણે એવું શું કરી શકીએ, કે જેનાં કારણે આપણે આપણો દેશ પ્રેમ સિદ્ધ કરી શકીએ! શું દરેકે સરહદ પર યુદ્ધ કરવા જવું જોઈએ! તો જ આપણો દેશ પ્રેમ સિદ્ધ થાય? ના ! દેશ પ્રેમ દેખાડવા માટે દરેકે સરહદે યુદ્ધ કરવું અનિવાર્ય નથી, પરંતુ એ શહીદની કુરબાની ભૂલી જવી, અથવા એ સૈનિકને ઘર પરિવાર છોડીને ત્યાં દેશની રક્ષા માટે 24 કલાક ખડે પગે ઊભાં રહેવાનાં બલિદાનને એળે જવાં દેવાનું નથી. આપણા સાંસ્કૃતિક મૂલ્યો, અને સંસ્કારોને ભૂલીને આપણે દેશને અંદરથી ખોખલો કરી રહ્યા છીએ, એ વાત દરેક ભારતીયે સમજવાની જરૂર છે. તેથી આપણી સંસ્કૃતિનું મૂલ્ય વધે તેવી પ્રવૃત્તિ કરવી કે વર્તણૂક કરવી, એ પણ દેશપ્રેમ જ છે. આ ઉપરાંત દરેક દેશવાસી માટે આપણાં મનમાં પ્રેમનો ભાવ હોવો પણ એટલો જ જરૂરી છે. ભારતમાં રહીને પણ ભારત દેશ સાથે દ્રોહ કરનારાં સાથે આપણાં સ્વાર્થ માટે રહેવું એ દેશદ્રોહ છે. દેશ જ્યારે આર્થિક કટોકટીમાંથી પસાર થઈ રહ્યો હોય, ત્યારે દેશનાં અર્થતંત્રને મજબૂત બનાવવા માટે ટેક્સ ચોરી કરવી, ભ્રષ્ટાચાર કરવો, લાંચ લેવી, રુશ્વત દઈને આપણું કામ કરાવવું, કે સત્તાનો ઉપયોગ કરી કોઈપણ ને અન્યાય કરવો, સંવિધાન પર વગર કારણે સવાલો ઉઠાવવા,

ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંકે ઉજવ્યો 9મો સ્થાપના દિવસ, ડિજિટલ અને કેશલેસ બેંકિંગને છેવાડાના વિસ્તારો સુધી પહોંચાડી રહી છે—પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવ

# વિશ્વના સૌથી મોટા ડોરસ્ટેપ બેંકિંગ નેટવર્ક તરીકે ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંકે 'છેવાડા સુધી સેવા'ને નાણાકીય સમાવેશની નવી ઓળખ બનાવી—પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવ

ભારતમાં 13.25 કરોડ ગ્રાહકો, 77% ગ્રામ્ય ખાતાઓ અને 48.8% મહિલા ગ્રાહકો—ડિજિટલ તથા ડોરસ્ટેપ બેંકિંગ દ્વારા કરોડો ભારતીયોને સશક્ત બનાવી રહી છે ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક





**અમદાવા, તા.05**

ડાક વિભાગના ઉપક્રમ રૂપે સ્થાપિત ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેન્કે તેના 9મા સ્થાપના દિવસના અવસરે દેશમાં ડિજિટલ બેંકિંગ, ડોરસ્ટેપ બેંકિંગ અને નાણાકીય સમાવેશની તેની નોંધપાત્ર સફરને ઉજાગર કરી હતી. આ પ્રસંગે અમદાવાદ ખાતે આયોજિત કાર્યક્રમમાં ઉત્તર ગુજરાત ક્ષેત્રના પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે કેક કાપીને કાર્યક્રમનો શુભારંભ કર્યો હતો. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના નેતૃત્વમાં 'અંત્યોદય'ના સંકલ્પને સાકાર કરતા ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંકે 'છેલ્લા છેવાડા સુધી સેવા'ની પરિકલ્પનાને નવી ઊંચાઈઓ આપી છે. વર્ષ 2018-19માં ભારતમાં અંદાજે 56 લાખ ગ્રાહકો સાથે પોતાની સફર શરૂ કરનાર ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક આજે 13.25 કરોડ ગ્રાહકો સાથે જોડાઈ ચૂકી છે. ગુજરાત સર્કલમાં 45.50 લાખ આઈપીપીબી ખાતાઓ કાર્યરત છે. આઈપીપીબી કરોડો ભારતીયોના જીવનમાં એક વિશ્વસનીય સાથી બનીને તેમને પોતાના નાણાંનું સંચાલન કરવા, પોતાના હકની રકમ મેળવવા અને આત્મવિશ્વાસ સાથે પોતાના સપનાઓ તરફ આગળ વધવા માટે સશક્ત બનાવી રહી છે.

પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે વિશ્વના સૌથી મોટા ડોરસ્ટેપ બેંકિંગ નેટવર્ક તરીકે આઈપીપીબીએ ટપાલ વિભાગના વિશાળ નેટવર્ક અને ડિજિટલ ટેકનોલોજીની શક્તિને જોડીને દેશના કરોડો નાગરિકોને, ખાસ કરીને ગ્રામીણ અને દૂરદૂરના વિસ્તારોમાં વસતા લોકોને, બેંકિંગ અને નાણાકીય સેવાઓની મુખ્યધારા સાથે જોડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. વર્ષ 2018-19માં ભારતમાં લગભગ 56 લાખ ગ્રાહકો સાથે પોતાની સફર શરૂ કરનાર ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક આજે 13.25 કરોડ ગ્રાહકો સાથે જોડાઈ ચૂકી છે. તેમાં લગભગ 77 ટકા ખાતાઓ ગ્રામીણ ભારતમાં છે, જ્યારે આઈપીપીબીના કુલ ગ્રાહકોમાં 48.8 ટકા મહિલાઓ છે, જે મહિલા સશક્તિકરણમાં પણ તેની મહત્વપૂર્ણ ભૂમિકાને ઉજાગર કરે છે. પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું હતું કે દેશની લગભગ 10 ટકા બેંકિંગ માટે પાત્ર વસ્તી આઈપીપીબી સાથે જોડાયેલી છે, જ્યારે લગભગ 12 ટકા ડીબીટી લાભાર્થીઓ તેના માધ્યમથી સરકારી યોજનાઓનો લાભ મેળવી રહ્યા છે. ડિજિટલ બેંકિંગના ક્ષેત્રમાં પણ આઈપીપીબી સતત નવા સીમાચિહ્નો સ્થાપિત કરી રહી છે. યુપીઆઈ ઓટો-પેના ક્ષેત્રમાં ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક દેશમાં ચોથા ક્રમે છે, જ્યારે યુપીઆઈ મારફતે કરવામાં આવતા બાહ્ય વ્યવહારોની સંખ્યાના આધારે તે દેશની નવમી સૌથી મોટી બેંક છે.

ગુજરાત સર્કલના આઈપીપીબીના આસિસ્ટન્ટ જનરલ મેનેજર શ્રી સંદીપ કુમારે જણાવ્યું હતું કે વ્યક્તિઓને સશક્ત બનાવવાથી લઈને તેમની રોજિંદી નાણાકીય જરૂરિયાતોને પૂર્ણ કરવામાં સક્ષમ બનાવવા સુધી, આઈપીપીબી કરોડો ભારતીયો સુધી સમાવેશી, સુલભ અને સુવિધાજનક બેંકિંગને વધુ નજીક પહોંચાડવાના પોતાના સંકલ્પને સતત આગળ વધારી રહી છે. ગુજરાત સર્કલમાં 45.50 લાખ આઈપીપીબી ખાતાઓ કાર્યરત છે, જેમાંથી 26 લાખ ખાતાઓમાં આધાર સીડિંગ કરવામાં આવી છે.

આઈપીપીબીના ચીફ મેનેજર શ્રી અભિજિત જીભકાટે જણાવ્યું કે ઉત્તર ગુજરાત પરિક્ષેત્રમાં હાલમાં 9.62 લાખથી વધુ આઈપીપીબી ખાતાઓનું સંચાલન કરવામાં આવી રહ્યું છે. ઉત્તર ગુજરાતમાં આઈપીપીબી દ્વારા અત્યાર સુધીમાં 3.13 લાખથી વધુ લોકોનું સામાન્ય સુરક્ષા વીમા હેઠળ આવરી લેવામાં આવ્યા છે, જ્યારે 7.52 લાખથી વધુ લોકોએ ઘરબેઠાં મોબાઈલ અપડેશનની સુવિધાનો લાભ લીધો છે. ઉપરાંત, 83 હજારથી વધુ બાળકોનું સીઈએલસી અંતર્ગત ઘરબેઠાં આધાર નોંધણી કરવામાં આવી છે.

# હજ કમિટી સામે ૫૦૦ કરોડના ભ્રષ્ટાચારનો ગંભીર આક્ષેપ : હજ યાત્રીઓ પાસેથી હવાઈ ભાડા અને સેવાઓના નામે કરોડો લોટીયા હોવાનો દાવો

- **હજ-૨૦૨૩ અને ૨૦૨૪ના હિસાબ સામે મોટો વિવાદ: ૧.૪૦ લાખનું વિમાન ભાડું વસૂલી માત્ર ૧૨ હજારનું રિફંડ પધરાવ્યાનો પર્દાફાશ**

**અમદાવા તા.05**

હજ કમિટી ઓફ ઈન્ડિયા દ્વારા હજ-૨૦૨૩થી હજ-૨૦૨૬ દરમિયાન હજયાત્રીઓ પાસેથી લેવાયેલી રકમ, રિફંડ પ્રક્રિયા, વિવિધ ટેન્ડરો તેમજ યાત્રીઓને અપાયેલી સુવિધાઓ અંગે અમદાવાદ ખાતે પત્રકાર પરિષદમાં ગંભીર સવાલો ઉઠાવવામાં આવ્યા છે. એડવોકેટ શમશાદ પઠાણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે, હજ કોઈ વેપાર કે નફો કમાવવાનો વ્યવસાય નથી, હજયાત્રીઓ પાસેથી વસૂલાતી રકમ 'અમાનત' છે, તેના એક-એક રૂપિયાનો પારદર્શક હિસાબ સાર્વજનિક થવો જોઈએ.

રિફંડ અંગે વિરોધાભાસ અને હવાઈ ભાડામાં મોટો તફાવતની રજૂઆત કરવામાં આવી હતી.

RTIના જવાબમાં હજ કમિટીએ હજ-૨૦૨૩નું રિકન્સિલિએશન પૂર્ણ કરી સરપ્લસ રકમ રિફંડ કરી દીધી હોવાનો દાવો કર્યો છે. વાસ્તવિકતા એછે આજે અનેક હાજીઓ રિફંડથી વંચિત છે. હજ-૨૦૨૩માં મુંબઈની સરખામણીએ અમદાવાદથી જતાં હાજીઓ પાસેથી આશરે રૂપિયા ૬૭,૯૮૧ જેટલી વધારે રકમ લેવામાં આવી હતી. ગુજરાતમાંથી અંદાજે ૨૦,૦૦૦ હાજીઓએ આ વધારાની રકમ ચૂકવી હોવાથી તે રકમ આશરે રૂપિયા ૧૩૫.૯૬ કરોડ જેટલી થાય છે. આ તફાવત માત્ર એરફેરનો હતો કે અન્ય ખર્ચનો, તેનું સત્તાવાર ટેન્ડર, એરલાઈન પેમેન્ટ અને ડોક્યુમેન્ટરી વેરિફિકેશન થવું અનિવાર્ય છે.

હજ-૨૦૨૬માં ખરીદાયેલી ૧,૨૨,૫૧૮ ટેલર-મેડ સ્માર્ટ વોચ અને સિમ ઈ-સિમ પ્રોક્યોરમેન્ટ સામે ઉઠ્યો છે. અંદાજે રૂપિયા ૭,૫૦૦ પ્રતિ ડિવાઈસ ગણીએ તો આ ખર્ચ ૯૧.૮૭ કરોડથી વધુ થાય છે. આ ડિવાઈસ સેફ્ટી અને લોકેશન ટ્રેકિંગ માટે હતું, પરંતુ મીના, અરાફાત અને મુઝદલિફા જેવા અતિ મહત્વના સ્થળોએ આ ઘડિયાળો ચાલુ ન થવી, બેટરી ન ટકવી કે ગણતરીના કલાકોમાં બંધ પડી જવાની ફરિયાદો ઊઠી હતી. આ મામલે હાજીઓના લેખિત નિવેદનો અને વીડિયો પુરાવા રજૂ કરી સવાલ કરાયો હતો કે શું આ સાધન યોગ્ય ટેકનિકલ સ્પેસિફિકેશન મુજબનું હતું કે જૂના મોડલ પધરાવી દેવાયા હતા?

RTI હેઠળ મળેલા દસ્તાવેજોને ટાંકીને જણાવ્યું હતું કે મોઅલ્લિમ સેવા માટે ૨૦૨૩માં ૪,૯૦૦ રિયાલ લેવાયા હતા, જ્યારે ૨૦૨૪માં એ જ પેકેજ ૨,૬૨૬ રિયાલ હતું, એટલે કે ૨,૩૦૦ રિયાલ વધુ લેવાયા હતા. સાથોસાથ, પેકેજમાં બસ સેવા સામેલ હોવા છતાં 'સારી બસ' આપવાના નામે ૧.૨૨ લાખ હાજીઓ પાસેથી માથાદીઠ ૫૦ રિયાલ વધારાના ઉઘરાવાયા હતા.

તેમણે ભારત સરકાર અને લઘુમતી બાબતોના મંત્રાલય સમક્ષ માંગણી કરી છે કે આ સમગ્ર પ્રક્રિયાનું કેગ (CAG) દ્વારા સ્વતંત્ર ઓડિટ કરાવવામાં આવે, એરલાઈન્સ, હોટલ અને બસના ઓરિજિનલ બિલ સાર્વજનિક કરવામાં આવે અને હાજીઓ પાસેથી વસૂલાયેલા તમામ વધારાના નાણાં વ્યાજબી રીતે પરત કરવામાં આવે.

# અમદાવાદમાં ગુજરાત જાહેર સેવા આયોગ અને ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા આયોજિત વિવિધ પરીક્ષા સંદર્ભે શહેર પોલીસ કમિશનરશ્રીનું પ્રતિબંધાત્મક જાહેરનામું

**અમદાવાદ , તા.05**

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા તા. ૦૬/૦૯/૨૦૨૬ના રોજ વહીવટી અધિકારી વર્ગ-૨ (જા.ક્ર. ૩૮/૨૦૨૬-૨૭)ની પ્રાથમિક કસોટી તથા ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા તા. ૦૭/૦૯/૨૦૨૬થી તા. ૦૯/૦૯/૨૦૨૬ દરમિયાન વર્ગ-૩ સંવર્ગોની સીધી ભરતીની પરીક્ષા યોજાનાર છે. અમદાવાદ શહેરમાં આ પરીક્ષાઓનું શાંતિપૂર્ણ અને સુચારૂ આયોજન થાય, પરીક્ષાર્થીઓને શાંતચિત્તે અને શુદ્ધ વાતાવરણમાં પરીક્ષા આપી શકે તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુથી અમદાવાદ શહેર પોલીસ કમિશનર શ્રી અનુપમ સિંહ ગહલૌત દ્વારા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ પ્રતિબંધાત્મક હુકમ પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે. આ હુકમ મુજબ પરીક્ષા કેન્દ્રો તથા તેની આસપાસના ૧૦૦ મીટરની ત્રિજ્યામાં ચાર કે તેથી વધુ વ્યક્તિઓના ભેગા થવા પર પ્રતિબંધ રહેશે. ઉપરાંત પરીક્ષા કેન્દ્રોની આસપાસના એક કિલોમીટરની ત્રિજ્યામાં ઝેરોક્ષ સેન્ટરો/દુકાનો ચાલુ રાખવા પર પ્રતિબંધ રહેશે. પરીક્ષા કેન્દ્રોની આસપાસ મોટા અવાજે લાઉડસ્પીકર વગાડવા પર પણ પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. પરીક્ષા સ્થળે સક્ષમ અધિકારી સિવાયના વિદ્યાર્થીઓ તથા શિક્ષકો સહિત કોઈપણ વ્યક્તિ દ્વારા મોબાઈલ ફોન કે અન્ય ઈલેક્ટ્રોનિક/વિજાણુ ઉપકરણ લઈ જવા પર પ્રતિબંધ રહેશે. બિનઅધિકૃત વ્યક્તિઓના પ્રવેશ, ગેરરીતી માટે ઉપયોગમાં લઈ શકાય તેવા સાધનો અથવા અનધિકૃત લેખન સામગ્રી લઈ જવા તેમજ પરીક્ષા કેન્દ્રોની આસપાસ જાહેર વાહન વ્યવહારને અવરોધ થાય તે રીતે વાહનો પાર્ક કરવા પર પણ પ્રતિબંધ રહેશે. પરીક્ષા સ્થળે કોઈપણ પ્રકારનું હથિયાર લઈ જવા પર પણ પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. આ પ્રતિબંધાત્મક હુકમ ફરજ પરના પોલીસદળ, હોમગાર્ડ તથા પરીક્ષા સંદર્ભે ફરજ પરના અધિકારીઓ/કર્મચારીઓને લાગુ પડશે નહીં. ગુજરાત જાહેર સેવા આયોગની વહીવટી અધિકારી વર્ગ-૨ની પ્રાથમિક કસોટી માટે આ હુકમ તા. ૦૬/૦૯/૨૦૨૬ના રોજ સવારે ૦૯:૦૦ કલાકથી ૧૫:૦૦ કલાક સુધી અમલમાં રહેશે. જ્યારે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા યોજાનાર વર્ગ-૩ સંવર્ગોની સીધી ભરતીની પરીક્ષા માટે તા. ૦૭/૦૯/૨૦૨૬થી તા. ૦૯/૦૯/૨૦૨૬ દરમિયાન દરરોજ ૦૭:૦૦ કલાકથી ૨૦:૦૦ કલાક સુધી હુકમ અમલમાં રહેશે.હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે. અમદાવાદ કમિશનરેટમાં ફરજ બજાવતા અનાર્મ્ડ હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના તમામ પોલીસ અધિકારીઓને હુકમનો ભંગ કરનાર સામે કાયદેસરની ફરિયાદ કરવા અધિકૃત કરવામાં આવ્યા છે. ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા તા. ૦૬/૦૯/૨૦૨૬ના રોજ વહીવટી અધિકારી વર્ગ-૨ (જા.ક્ર. ૩૮/૨૦૨૬-૨૭)ની પ્રાથમિક કસોટી તથા ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા તા. ૦૭/૦૯/૨૦૨૬થી તા. ૦૯/૦૯/૨૦૨૬ દરમિયાન વર્ગ-૩ સંવર્ગોની સીધી ભરતીની પરીક્ષા યોજાનાર છે. અમદાવાદ શહેરમાં આ પરીક્ષાઓનું શાંતિપૂર્ણ અને સુચારૂ આયોજન થાય, પરીક્ષાર્થીઓને શાંતચિત્તે અને શુદ્ધ વાતાવરણમાં પરીક્ષા આપી શકે તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુથી અમદાવાદ શહેર પોલીસ કમિશનર શ્રી અનુપમ સિંહ ગહલૌત દ્વારા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ પ્રતિબંધાત્મક હુકમ પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.

# ગુજરાત વિદ્યાપીઠમાં 'સુરક્ષિત, સ્વસ્થ અને સમાવેશી પરિસર' વિષય પર વિશેષ પરિસંવાદ યોજાયો

પરિસ્થિતિમાં મહિલાઓ માટે ઉપલબ્ધ હેલ્પલાઈન અને સુરક્ષા સેવાઓ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.



**ગાંધીનગર માહિતી, તા.05**

ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ અને જેન્ડર રિસોર્સ સેન્ટર, ગુજરાત સરકારના સંયુક્ત ઉપક્રમે ગુજરાત વિદ્યાપીઠના સર્વ સેવકો માટે 'સુરક્ષિત, સ્વસ્થ અને સમાવેશી પરિસર' વિષય પર વિશેષ પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. પરિસંવાદમાં લૈંગિક સંવેદનશીલતા, પોષણ અને કાર્યસ્થળે મહિલાઓની સુરક્ષા અંગે POSH જાગૃતિ જેવા મહત્વપૂર્ણ વિષયો પર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. પ્રથમ સત્રમાં 'POSH Act, 2013' અંગે મહિલાઓની સુરક્ષા અને અધિકારો સંબંધિત કાયદાકીય જોગવાઈઓ અંગે માહિતી આપવામાં આવી હતી. ત્યારબાદ 'Gender Sensitization' તથા 'Gender Development & Empowerment' વિષય પર સેવકો સાથે સંવાદ કરવામાં આવ્યો હતો. અભયમ 181ની ટીમ દ્વારા કટોકટીની પરિસ્થિતિમાં મહિલાઓ માટે ઉપલબ્ધ હેલ્પલાઈન અને સુરક્ષા સેવાઓ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. અંતે પરિસંવાદનો અહેવાલ પ્રસ્તુત કરવામાં આવ્યો હતો. અભયમ 181ની ટીમ દ્વારા કટોકટીની પરિસ્થિતિમાં મહિલાઓ માટે ઉપલબ્ધ હેલ્પલાઈન અને સુરક્ષા સેવાઓ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. અંતે પરિસંવાદનો અહેવાલ પ્રસ્તુત કરવામાં આવ્યો હતો.

# કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે અમદાવાદ ખાતે આયોજિત વર્લ્ડ આર્ચરી પેરા સિરીઝ (WAPS)-2026નો પ્રારંભ કરાવ્યો

તા. 5 થી 9 સપ્ટેમ્બર સુધી અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ ખાતે યોજાશે વર્લ્ડ આર્ચરી પેરા સિરીઝ (WAPS)-2026

**ગાંધીનગર માહિતી, તા.05**

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે ભારતમાં પ્રથમવાર અમદાવાદ ખાતે યોજાઈ રહેલી 'ધ હ્યુન્ડાઈ વર્લ્ડ આર્ચરી પેરા સિરીઝ (WAPS)-2026'નો વર્ચ્યુઅલ શુભારંભ કરાવ્યો હતો. સાબરમતી રિવરફ્રન્ટ ખાતે તા. 5 થી 9 સપ્ટેમ્બર દરમિયાન આ ચેમ્પિયનશિપ યોજાઈ રહી છે.

આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ, નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી તેમજ આર્ચરી એસોસિએશન ઑફ ઈન્ડિયાના અધ્યક્ષ અને પૂર્વ કેન્દ્રીય મંત્રી શ્રી અર્જુન મુંડા પણ ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી અમિતભાઈ શાહે તમામ ખેલાડીઓનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. તેમણે જણાવ્યું કે આ સ્પર્ધા તેમના સંસદીય મતવિસ્તારમાં યોજાઈ રહી છે, જે તેમના માટે ગૌરવની વાત છે.

શ્રી શાહે ભારપૂર્વક જણાવ્યું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારતને વિશ્વનું સૌથી મોટું સ્પોર્ટ્સ સેન્ટર બનાવવાનું વિઝન છે. ગુજરાત માત્ર રમતગમતની સ્પર્ધાઓ માટે જ નહીં, પરંતુ તાલીમ, અત્યાધુનિક સુવિધાઓ અને રમતગમતનાં સાધનોના ઉત્પાદન માટે પણ વૈશ્વિક હબ બનવા જઈ રહ્યું છે.

મેડિકલ સાયન્સ અને સ્પોર્ટ્સ એન્જિનિયરિંગ અંગે વાત કરતાં તેમણે જણાવ્યું કે ગુજરાત સ્પોર્ટ્સ એન્જિનિયરિંગ અને ખાસ કરીને સ્પોર્ટ્સ ઈન્જરી (Sports Injury)ના મેડિકલ સાયન્સ ક્ષેત્રે વિશ્વભરના ખેલાડીઓ માટે એક મોટું કેન્દ્ર બનીને ઊભરશે.

વર્લ્ડ પેરા આર્ચરી ચેમ્પિયનશિપમાં ભારતીય એથ્લિટ્સનો ઉત્સાહ વધારતાં તેમણે જણાવ્યું કે આ સ્પર્ધામાં ભારતની 29 સભ્યોની સશક્ત ટીમ મેદાનમાં ઉતરી છે. શ્રી શાહે હરવિંદર સિંહ, શીતલ દેવી, રાકેશ કુમાર, શ્યામ સુંદર સ્વામી અને પાયલ જેવા ખેલાડીઓને દેશ માટે પ્રેરણાના સ્રોત ગણાવ્યા હતા અને વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે આ સ્પર્ધામાંથી પણ અનેક નવા વૈશ્વિક ખેલાડીઓ બહાર આવશે.

અમદાવાદ વર્ષ 2030ની કોમનવેલ્થ ગેમ્સના શતાબ્દી સંસ્કરણનું યજમાન બનવાનું છે. એટલું જ નહીં, વર્ષ 2036ના વર્લ્ડ ઓલિમ્પિકના યજમાન તરીકે પણ અમદાવાદ પ્રબળ દાવેદાર છે. તેમણે જણાવ્યું કે આ વર્ષે અમદાવાદ વિવિધ રમતોની આશરે 10 આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓની યજમાની કરી રહ્યું છે. ત્યારે આ સ્પર્ધા ખેલાડીઓ તેમજ અમદાવાદ માટે યાદગાર બની રહેશે તેવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો.

શ્રી શાહે વિશ્વભરના ખેલાડીઓને દ્રઢ મનોબળ સાથે વિજેતા બનવા શુભેચ્છાઓ પાઠવવાની સાથે સોમનાથ, દ્વારકા અને એકતાનગર જેવાં પ્રવાસન સ્થળોની મુલાકાત લેવા તેમજ ગુજરાતના આતિથ્યનો આનંદ માણવા આમંત્રણ પાઠવ્યું હતું.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ જન્માષ્ટમીના પાવન પર્વે સૌ ખેલાડીઓનું સ્વાગત કરતાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે સનાતન સંસ્કૃતિમાં ભગવાન શ્રીકૃષ્ણ અને પ્રભુ શ્રીરામચંદ્રજીના કાળથી ધનુષ્ય-બાણ શૌર્ય અને સાધનાનાં પ્રતીક રહ્યાં છે. તેમણે કહ્યું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'ખેલે તે ખીલે'નો મંત્ર આપ્યો છે અને આજે તેમના વિઝનરી નેતૃત્વમાં ભારતના સ્પોર્ટ્સ સેક્ટરમાં 360 ડિગ્રી ટ્રાન્સફોર્મેશન આવ્યું છે. વડાપ્રધાનશ્રીના લાલ કિલ્લાની પ્રાચીર પરથી કરાયેલા પ્રવચનનો ઉલ્લેખ કરતાં શ્રી પટેલે કહ્યું કે રમતગમત માત્ર મેડલ જીતવાનું સાધન નહીં, પરંતુ યુવાનોના વ્યક્તિત્વ વિકાસ અને રાષ્ટ્રનિર્માણનું માધ્યમ છે.

શ્રી નરેન્દ્રભાઈ મોદીના મુખ્યમંત્રીકાળમાં ગુજરાતમાં શરૂ થયેલા 'ખેલ મહાકુંભ' અને હવે રાષ્ટ્રીય સ્તરે 'ખેલો ઈન્ડિયા' જેવાં અભિયાનોથી પેરા સ્પોર્ટ્સને નવી દિશા મળી છે. જ્યાં એક સમયે પેરા સ્પોર્ટ્સનું અસ્તિત્વ નગણ્ય હતું, ત્યાં આજે આ પરિવર્તનના પરિણામે તાજેતરની કોમનવેલ્થ ગેમ્સમાં ભારતે મેળવેલા 29 મેડલ્સમાંથી 7 મેડલ્સ દિવ્યાંગ ખેલાડીઓએ જીત્યા છે. ગુજરાતમાં રમતગમતના વિકાસ પર ભાર મૂકતા મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું કે ગાંધીનગરમાં રૂ. 316 કરોડના ખર્ચે અત્યાધુનિક 'પેરા-હાઈ પરફોર્મન્સ સેન્ટર' તૈયાર થઈ રહ્યું છે. રાજ્ય સરકાર પેરા ઓલિમ્પિકમાં ભાગ લેનાર દરેક દિવ્યાંગ ખેલાડીને રૂ. 10 લાખની આર્થિક સહાય અને વિજેતાઓને 'ખેલ પ્રતિભા પુરસ્કાર' આપે છે. પાયાના સ્તરે આર્ચરીના વિકાસ માટે 28 શાળાઓમાં 1,000 ખેલાડીઓને તાલીમ આપવામાં આવી રહી છે. તેમણે કહ્યું કે અમદાવાદને 2030ની કોમનવેલ્થ ગેમ્સની યજમાની મળી છે અને ભારત 2036માં ઓલિમ્પિકના આયોજનના સંકલ્પ સાથે આગળ વધી રહ્યું છે. મુખ્યમંત્રીશ્રીએ તમામ ખેલાડીઓને તેમના શ્રેષ્ઠ પ્રદર્શન માટે શુભકામનાઓ પાઠવી હતી.

# દહીંહાંડીમાં સૂર્યકુમાર યાદવનો જબરદસ્ત ડાન્સ : કુર્તો, કાળા ચશ્મા અને દેશી બીટ્સ; સોશિયલ મીડિયામાં છવાયો 'મિસ્ટર 360'નો નવો અંદાજ

નવી દિલ્હી, તા.05

ભારતીય ક્રિકેટ ટીમના સ્ટાર બેટર સૂર્યકુમાર યાદવ હાલ ક્રિકેટના મેદાનથી દૂર છે, પરંતુ સોશિયલ મીડિયા પર તેમનો દબદબો અકબંધ છે. તાજેતરમાં જન્માષ્ટમી અને દહીંહાંડી પર્વ નિમિત્તે યોજાયેલા એક કાર્યક્રમમાં સૂર્યાનો એકદમ અલગ અંદાજ જોવા મળ્યો હતો, જેનો વીડિયો ઈન્ટરનેટ પર જોરદાર વાયરલ થઈ રહ્યો છે.

આ વાયરલ ક્લિપમાં સૂર્યકુમાર યાદવ પરંપરાગત કુર્તા અને આંખો પર કાળા ચશ્મા સાથે જોવા મળે છે. ઢોલ-નગારાના તાલે તેમનો દેશી ડાન્સ અને ઉત્સાહ જોઈને ફેન્સ ખુશખુશાલ થઈ ગયા છે. ફેન્સ સોશિયલ મીડિયા પર આ વીડિયોને ખૂબ પસંદ કરી રહ્યા છે અને કોમેન્ટ્સમાં સૂર્યાના આ સ્વેગવાળા લુકની ભરપૂર પ્રશંસા કરી રહ્યા છે.

IPL 2026માં પ્રદર્શન રહ્યું સામાન્ય સૂર્યા છેલ્લે આઈપીએલ (IPL 2026) દરમિયાન મેદાન પર એક્શનમાં જોવા મળ્યા હતા. મુંબઈ ઈન્ડિયન્સ તરફથી રમતા તેમની સીઝન એવરેજ રહી હતી. તેમણે 13 મેચોની 13 ઈનિંગ્સમાં 20.76ની સરેરાશથી 270 રન બનાવ્યા હતા, જેમાં બે અડધી સદી શામેલ હતી અને તેમનો સર્વોચ્ચ સ્કોર 60 રન રહ્યો હતો.

હાલ સૂર્યા ફરી પોતાની લય મેળવવા અને ભારતીય ટીમમાં વાપસી કરવા માટે મેદાન બહાર નેટ્સમાં પરસેવો પાડી રહ્યા છે.

કેપ્ટનશીપથી હટાવવા અને ટીમમાંથી બહાર થવા પાછળનું ગણિત T20 વર્લ્ડ કપ 2026 અને કેપ્ટનશીપ: રોહિત શર્માની T20 નિવૃત્તિ બાદ સૂર્યકુમાર યાદવને ભારતીય T20 ટીમના કેપ્ટન બનાવવામાં આવ્યા હતા. તેમની કેપ્ટનશીપ હેઠળ ભારતે T20 વર્લ્ડ કપ 2026ની ટ્રોફી પોતાના નામે કરી ખરી, પરંતુ વ્યક્તિગત સ્તરે સૂર્યાનું બેટ આખી ટુર્નામેન્ટ દરમિયાન શાંત રહ્યું હતું. વર્લ્ડ કપ દરમિયાન તેમના ફોર્મમાં મોટો ઘટાડો જોવા મળ્યો હતો.



# ભારત-જાપાન સંબંધોના 75 વર્ષ પૂરા થવા પર સુઝુકી કપ : 22 સપ્ટેમ્બરે બંને ટીમ વચ્ચે પહેલી ઈન્ટરનેશનલ ક્રિકેટ મેચ,

નવી દિલ્હી, તા.05

ભારત અને જાપાનની ટીમ બંને દેશોના સંબંધોના 75 વર્ષ પૂરા થવા પર T20 ક્રિકેટ મેચ રમશે. આ મેચ 22 સપ્ટેમ્બરે જાપાનના સાનો શહેરમાં રમાશે.

આ મેચમાં ભારતીય ટીમની કેપ્ટનશીપ શ્રેયસ અય્યર કરશે. તેમાં વાઈસ-કેપ્ટન તિલક વર્મા, સંજુ સેમસન અને વૈભવ સૂર્યવંશી જેવા નામો પણ સામેલ છે.

JCA અને BCCIએ સંયુક્ત રીતે આ જાહેરાત કરી છે. તેને 'સુઝુકી કપ' તરીકે ઓળખાવવામાં આવ્યો છે. આ બંને ટીમ વચ્ચેની પ્રથમ ક્રિકેટ મેચ હશે. બંને ટીમ ક્રિકેટ મેદાન પર ક્યારેય સામસામે આવી નથી.

BCCIએ આ પોસ્ટથી મેચની જાહેરાત કરી

સ્પોર્ટ 75 પહેલની શરૂઆત થશે

આ મેચ 'સ્પોર્ટ 75' પહેલનું પ્રથમ પગલું હશે. જે જાપાન અને ભારત વચ્ચે રમતમાં સહયોગ અને લોકો વચ્ચે સંપર્ક વધારવા માટે શરૂ કરવામાં આવી છે.



બંને દેશોના વડાપ્રધાનો વચ્ચેની શિખર વાર્તામાં આ પહેલ પર સહમતિ બની હતી. આમાં ભારતના 2036 ઓલિમ્પિક અને પેરાલિમ્પિક ગેમ્સ હોસ્ટ કરવાના મહત્વાકાંક્ષાને પણ ધ્યાનમાં રાખવામાં આવી છે.

એશિયાડ પહેલાં પ્રેક્ટિસ જેવી હશે મેચ

આ મેચ એશિયન ગેમ્સ પહેલાં ભારતીય ટીમના કોમ્બિનેશનને સુધારવા માટે મહત્વપૂર્ણ રહેશે. ટીમ પોતાના અભિયાનની શરૂઆત 28 સપ્ટેમ્બરે ક્વાર્ટર ફાઈનલથી કરશે. તેને ICC રેન્કિંગના આધારે નોકઆઉટમાં સીધી એન્ટ્રી મળી છે.

# 1 બોલ ફેંકવા માટે 100 કિલોમીટર દોડ્યો!, કેન્સર ચેરિટી માટે ઈંગ્લિશ બોલરે અંદાજે 6.5 લાખ રૂપિયા ભેગા કર્યા

નવી દિલ્હી, તા.05

શું તમે વિશ્વાસ કરી શકો છો કે કોઈ બોલરે એક બોલ ફેંકવા માટે 100 કિમીની દોડ લગાવી! તમે કહેશો કે આ વળી કેવી વાત થઈ! તમારી વાત બિલકુલ સાચી છે. આના પર એકવાર માટે વિશ્વાસ કરવો મુશ્કેલ છે, પરંતુ આ વાત એકદમ 100 ટકા સાચી છે. ઈંગ્લેન્ડમાં એક સ્થાનિક ક્રિકેટર સેમ બોડોઆનોએ આ હેરાન કરી દેનારી સિદ્ધિ હાંસલ કરીને નવો રેકોર્ડ બનાવી દીધો. તેણે માત્ર એક બોલ ફેંકવા માટે 100 કિમીની દોડ લગાવી. સેમ બોડોઆનોએ પોતાનો રન-અપ લોર્ડ્સથી શરૂ કર્યો અને સરેના વોકિંગ સ્થિત વેલી એન્ડ ક્રિકેટ ક્લબમાં બોલ ફેંક્યો. આ સાથે જ તેણે ગિનિઝ બુક ઑફ વર્લ્ડ રેકોર્ડ્સમાં પોતાનું નામ નોંધાવવા માટે પણ અરજી કરી છે.

100 કિમીના રન-અપમાં લાગ્યો આટલો સમય

સેમ બોડોઆનોને આ રન-અપમાં 14 કલાકનો સમય લાગ્યો. બોડોઆનોનો આ પ્રયાસ ચેરિટી માટે ફંડ એકઠું કરવાના હેતુથી હતો. તેણે કેન્સર ચેરિટી 'ધ રૂથ સ્ટ્રોસ ફાઉન્ડેશન' માટે કુલ 6,000 (ભારતીય રૂપિયામાં અંદાજે 6,58,968) એકઠા કર્યા, જેની સ્થાપના



ઈંગ્લેન્ડના પૂર્વ કેપ્ટન એન્ડ્રયુ સ્ટ્રોસે પોતાની સ્વર્ગસ્થ પત્ની રૂથની યાદમાં કરી હતી. રેકોર્ડને સત્તાવાર બનાવવા માટે તેણે ક્રિકેટનો વ્હાઈટ ડ્રેસ પહેરીને હાથમાં બોલ લઈને દોડવાનું હતું. સાથે જ તે ઐતિહાસિક બોલ ફેંક્યા પછી એક મેચ પણ રમવાની હતી. બોડોઆનોના આ પ્રયાસે ટોમ ડનના 24 કિલોમીટરના રન-અપને પાછળ છોડી દીધો છે, જે વર્ષ 2024માં બનાવ્યો હતો.

અનુભવ કેવો રહ્યો તે વ્યક્ત કર્યો

'ધ ટેલિગ્રાફ'માં ટાંકવામાં આવેલા નિવેદનો અનુસાર, પોતાની આ સિદ્ધિ પછી બોડોઆનોએ કહ્યું, 'આખો સમય બોલને પકડી રાખવો ખૂબ જ હેરાન કરનારો હતો.

# એશિયાડમાં IOA અલગ હોટેલની વ્યવસ્થા નહીં કરે : BCCI પોતાની પસંદગીની હોટેલ લઈ શકે છે, પરંતુ સંપૂર્ણ જવાબદારી બોર્ડની રહેશે

નવી દિલ્હી, તા.05

જાપાનમાં યોજાનારી એશિયન ગેમ્સ દરમિયાન ભારતીય ક્રિકેટ ટીમ માટે ભારતીય ઓલિમ્પિક સંઘ (IOA) અલગથી હોટલની વ્યવસ્થા નહીં કરે. જો BCCI આયોજકો દ્વારા નક્કી કરાયેલી હોટલોને બદલે પોતાની પસંદની હોટલ પસંદ કરશે, તો ખેલાડીઓના રોકાણ, ભોજન, સ્થાનિક પરિવહન અને મેચ સ્થળ સુધી પહોંચાડવાની જવાબદારી બોર્ડની રહેશે.

IOAના CEO રઘુરામ અય્યરે જણાવ્યું કે એશિયન ગેમ્સમાં સામેલ તમામ 36 રમતોના ખેલાડીઓ, કોચ અને સપોર્ટ સ્ટાફ સાથે સમાન વ્યવહાર કરવામાં આવશે.

મેન્સ ટીમને 3-સ્ટાર, વિમેન્સ ટીમને 4-સ્ટાર હોટલ

એશિયન ગેમ્સના આયોજકોએ ભારતીય મેન્સ ટીમ માટે 3-સ્ટાર APA હોટેલ નાગોયા એકિમાએ અને વિમેન્સ ટીમ માટે 4-સ્ટાર ગ્રાન્ડ હોટેલની વ્યવસ્થા કરી છે.

બંને હોટલોમાં જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ છે, પરંતુ ભારતીય ક્રિકેટરો સામાન્ય રીતે જ્યાં રોકાય છે તે 5-સ્ટાર હોટલની સરખામણીમાં આ એક લેવલ નીચે છે. ખેલાડીઓ માટે રૂમ ટ્વીન-શેરિંગના આધારે આપવામાં આવશે. આ જ વ્યવસ્થા BCCI માટે ચિંતાનો વિષય બની રહી છે.

BCCI એડવાન્સ ટીમ મોકલશે

BCCI CEO હેમાંગ અમીન અને IOA CEO રઘુરામ અય્યર વચ્ચે આ મુદ્દે વાતચીત થઈ છે. BCCI આવતા અઠવાડિયાની શરૂઆતમાં એક એડવાન્સ ટીમ જાપાન મોકલશે. આ ટીમ હોટલ, ક્રિકેટ વેન્યુ અને અન્ય સ્થાનિક સુવિધાઓનું નિરીક્ષણ કરશે. ત્યારબાદ બોર્ડ નક્કી કરશે કે આયોજકો દ્વારા આપવામાં આવેલી હોટલોમાં રહેવું કે પોતાની વ્યવસ્થા કરવી.



# 'બાબા...આ તારું કામ નથી!':બિગ બોસ 20નાં શુટિંગનાં પહેલાં દિવસે જ સલમાન ખાનનો પારો સાતમા આસમાને, પેપરાઝી પર ભડક્યા

મુંબઈ, તા.05

સલમાન ખાન બિગ બોસ 20ના સેટ પર તેમને કવર કરવા આવેલા પેપરાઝી પર ગુસ્સે થઈ ગયા. સલમાને જાહેરમાં ફોટોગ્રાફર્સને ઠપકો આપ્યો, જેનો વીડિયો હવે સામે આવ્યો છે. જોકે, સલમાન ટી-શર્ટ, જીન્સ અને કાઉબોય હેટ પહેરીને, બિગ બોસ 20ના મંચ પર શૂટિંગ માટે પહોંચ્યા હતા. સલમાન પોઝ આપી રહ્યા હતા ત્યારે એક ફોટોગ્રાફરે- બાબા.., બાબા, બૂમો પાડતા તેમની પાસે પોઝ આપવાની માગ કરી. આ સાંભળીને સલમાન નારાજ થઈ ગયા અને ગુસ્સામાં કહ્યું- બાબા? આ તારું કામ નથી. મને કેમેરા સામે આવવાની કોઈ જરૂર નથી.

આ ઘટનાના થોડા સમય પછી, ફરીથી પાપારાઝી વારંવાર ફોટા લેવા માટે ઉત્સુક દેખાયા, જેથી સલમાન ફરી ગુસ્સે થઈ ગયા.

બિગ બોસ 20નું શૂટિંગ શરૂ

ટેલિવિઝન રિયાલિટી શો બિગ બોસ 20, 6 સપ્ટેમ્બરથી શરૂ થઈ રહ્યો છે. બિગ બોસ હાઉસનો ફર્સ્ટ લુક પણ સામે આવી ગયો છે.



સલમાનના ગુસ્સે થવાની ચોથી ઘટના

સલમાન છેલ્લા કેટલાક દિવસોથી સતત પાપારાઝી પર નારાજગી વ્યક્ત કરી રહ્યા છે. આ આ પ્રકારની ચોથી ઘટના છે, જ્યારે સલમાને પાપારાઝીને ઠપકો આપ્યો છે.

હોસ્પિટલની બહાર અવાજ કરવા બદલ ઠપકો આપ્યો

કેટલાક મહિનાઓ પહેલા સલમાન કોઈ નજીકના સંબંધીને મળવા હોસ્પિટલ ગયા હતા. તેઓ જેવા બહાર આવ્યા, પાપારાઝી તસવીર લેવા માટે અવાજ કરવા લાગ્યા. અવાજ થતો જોઈ, સલમાન ભડકી ગયા અને ખૂબ ખરી-ખોટી સંભળાવી. પછીથી સલમાને કેટલીક વિચિત્ર સોશિયલ મીડિયા પોસ્ટ શેર કરી.

થોડા સમય પછી જ્યારે સલમાન રિતેશ દેશમુખની ફિલ્મ રાજા શિવાજીની સક્સેસ પાર્ટીમાં પહોંચ્યા, ત્યારે પાપારાઝીએ સલમાનને ઘેરીને માફી માગી હતી.

પેપરાઝીના અવાજથી સલમાન પરેશાન થયા

રિયાલિટી શો બિગ બોસ 19ની સક્સેસ પાર્ટીમાં પણ આવું જ થયું. સલમાન જેવો પોઝ આપવા પહોંચ્યા, પેપરાઝી તેમની તસવીરો લેવા અવાજ કરવા લાગ્યા, ત્યારબાદ સલમાને ઈશારામાં અવાજ ન કરવા કહ્યું હતું.

ભાણી ડિસ્ટર્બ થઈ તો સલમાન નારાજ થયા

થોડા મહિનાઓ પહેલા સલમાન ખાન વર્લ્ડ પેડલ લીગના એક ઈવેન્ટનો ભાગ બન્યા હતા, જેમાં તેમની ભાણી આયત પણ પહોંચી હતી. ઈવેન્ટ પછી સલમાન ભાણીને ખોળામાં લઈને નીકળી રહ્યા હતા, ત્યારે ફોટોગ્રાફરોએ તેમને ઘેરી લીધા. સલમાને ત્યારે ગુસ્સામાં પેપરાઝીને દૂર હટવા કહ્યું હતું.

# PGમાં રહી, પૈસા બચાવવા ચાલીને જતી : હુમા કુરેશી

## હુમા કુરેશીને 'ગેંગ્સ ઓફ વાસેપુર'માં 65 હજાર મળ્યા, બોડી શેમિંગ, ટ્રોલિંગ સહન કર્યું; હિટ પછી પણ સંઘર્ષ કરવો પડ્યો

મુંબઈ, તા.05

દિલ્હીની હુમા કુરેશીએ એક્ટિંગને કરિયર બનાવવા માટે પરિવારને મનાવવામાં મહિનાઓ લગાવ્યા. મુંબઈ પહોંચી ત્યારે ન કોઈ ગોડફાધર હતો, ન કોઈ ફિલ્મી લોન્ચ. નાના પીજીમાં ચાર છોકરીઓ સાથે રહીને ઓડિશન આપનારી હુમાએ જાહેરાતોથી શરૂઆત કરી. શાહરૂખ ખાન અને આમિર ખાન જેવા સ્ટાર્સ સાથે જાહેરાતો કરી.

પછી એક મોબાઈલ એડના સેટ પર થયેલી મુલાકાતે તેમનું જીવન બદલી નાખ્યું. અનુરાગ કશ્યપે તેને ગેંગ્સ ઓફ વાસેપુરમાં તક આપી. ફિલ્મ હિટ થઈ, પરંતુ હુમાનો સંઘર્ષ પૂરો થયો નહીં. બોડી શેમિંગ, રિજેક્શન, ટ્રોલિંગ અને લિંકઅપની અફવાઓ વચ્ચે તેમણે અલગ-અલગ પાત્રોથી પોતાની ઓળખ બનાવી.

આજની સક્સેસ સ્ટોરીમાં હુમા કુરેશીના જીવન અને કરિયર સાથે જોડાયેલી ખાસ વાતો

ભણવામાં હોશિયાર હતી, એક્ટિંગનો શોખ પછીથી કરિયર બન્યું



હુમા કુરેશીનો જન્મ 28 જુલાઈ 1986ના રોજ દિલ્હીમાં થયો હતો. તેના પિતા સલીમ કુરેશી રેસ્ટોરન્ટના વ્યવસાય સાથે સંકળાયેલા છે. હુમાએ દિલ્હીની ગાર્ગી કોલેજમાંથી હિસ્ટ્રી ઑનર્સ કર્યું. કોલેજના દિવસોમાં તે અભ્યાસની સાથે ડ્રામા, ડિબેટ અને થિયેટરમાં સક્રિય રહી હતી. તે ડ્રામા સોસાયટીની પ્રેસિડેન્ટ પણ બની હતી.

થિયેટર દરમિયાન એનકે શર્મા તેના મેન્ટર બન્યા. ધ ઈન્ડિયન એક્સપ્રેસને આપેલા ઈન્ટરવ્યૂમાં હુમાએ જણાવ્યું હતું કે એનકે શર્માએ જ તેનામાં અભિનેત્રી બનવાની ક્ષમતા સૌથી પહેલા ઓળખી હતી. તેમણે 'ધ અમેરિકન પાયલટ' જેવા નાટકોમાં કામ કર્યું. હુમાના મતે, અભિનયનો સાચો જુસ્સો તેમને થિયેટર દરમિયાન જ અનુભવાયો હતો.

ડોક્ટર બનવાના અભ્યાસથી મુંબઈ સુધીની સફર

હુમાના પરિવારને લાગતું હતું કે તે ભણવામાં સારી છે અને આગળ શૈક્ષણિક કારકિર્દી બનાવશે. હુમાએ જણાવ્યું હતું કે તેના પિતા અભિનયના નિર્ણયને લઈને શરૂઆતમાં આશ્વસ્ત નહોતા. તેને પોતાના માતા-પિતાને મનાવવામાં લગભગ 6થી 8 મહિના લાગ્યા.

# કરીના કપૂરના માસીએ 1 રૂપિયાની ફીથી ફિલ્મોમાં ડેબ્યૂ કર્યું:'સાધના કટ'થી દેશભરમાં છવાઈ ગયાં

મુંબઈ, તા.05

હિન્દી સિનેમાના 60 અને 70ના દાયકામાં એક એવી એક્ટ્રેસ આવી, જેમણે પોતાની સુંદરતા, અભિનય અને સ્ટાઈલથી દર્શકોના દિલમાં ખાસ જગ્યા બનાવી. નામ હતું સાધના શિવદાસાની. ક્યારેક તેમની ફિલ્મો હિટ થતી હતી અને તેમની હેરસ્ટાઈલ આખા દેશમાં ટ્રેન્ડ કરતી હતી, પરંતુ જીવનના છેલ્લા તબક્કામાં તેમને બીમારી, આર્થિક તંગી અને એકલતાનો સામનો કરવો પડ્યો.સાધનાનો જન્મ 2 સપ્ટેમ્બર 1941ના રોજ બ્રિટિશ ઈન્ડિયાના કરાચીમાં એક સિંધી પરિવારમાં થયો હતો. 1947ના ભાગલા પછી તેમનો પરિવાર ભારત આવીને મુંબઈમાં સ્થાયી થયો. બાળપણથી જ સાધના એક્ટ્રેસ બનવા માંગતાં હતાં. લગભગ 14 વર્ષની ઉંમરે તેમને રાજ કપૂરની ફિલ્મ 'શ્રી 420'માં કામ કરવાની તક મળી, જ્યાં તેઓ 'મુડ મુડ કે' ગીતમાં બેકગ્રાઉન્ડ



ડાન્સર તરીકે જોવા મળ્યાં હતાં.સાધનાના પિતા બંગાળી એક્ટ્રેસ અને ડાન્સર સાધના બોઝના ખૂબ મોટા પ્રશંસક હતા, તેથી તેમણે પોતાની દીકરીનું નામ સાધના રાખ્યું.

1 રૂપિયાની ફીથી ફિલ્મી સફર શરૂ થઈ

સાધનાની એક્ટિંગ કારકિર્દી ફિલ્મ 'અબાના'થી શરૂ થઈ. જે ભારતની પહેલી સિંધી ફિલ્મ હતી.

# 'આ તો રસગુલ્લા બની ગઈ, કેટરિનાને આ શું થઈ ગયું?':સોશિયલ મીડિયામાં એક્ટ્રેસ ટ્રોલ થઈ,

મુંબઈ, તા.05

બોલિવૂડ અભિનેત્રી કેટરિના કૈફ તાજેતરમાં પતિ વિકી કૌશલ સાથે દિવંગત ફિલ્મ નિર્દેશક કુકુ કોહલીના અંતિમ સંસ્કાર અને પ્રાર્થના સભામાં ઉપસ્થિત રહી હતી. સફેદ આઉટફિટમાં કેટરિના ખૂબ જ સાદગીપૂર્ણ અને સૌમ્ય દેખાઈ રહી હતી. જોકે, ડિલિવરી પછીના વધેલા વજન (પોસ્ટપાર્ટમ વેઈટ)ને લઈને સોશિયલ મીડિયા પર અમુક યુઝર્સે તેને નિર્દયતાથી ટ્રોલ કરવાનું શરૂ કરી દીધું હતું. આ બાબતે હવે બોલિવૂડ અભિનેત્રી શિવાલિકા ઓબેરોય કેટરિનાના સમર્થનમાં આગળ આવી છે અને ટ્રોલર્સની માનસિકતા પર આકરા પ્રહારો કર્યા છે.



શિવાલિકા ઓબેરોયનો ટ્રોલર્સને જડબાતોડ જવાબ

શિવાલિકાએ પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર કેટરિનાની તસવીર શેર કરીને આ પ્રકારની ટિપ્પણીઓ સામે સખત નારાજગી વ્યક્ત કરી છે. તેણે લખ્યું કે, "આખરે લોકોને શું થઈ ગયું છે? આ જ તો માતૃત્વ છે! બાળકના જન્મ પછી મહિલાના શરીરમાં આવા ફેરફારો થવા તદ્દન સામાન્ય બાબત છે. સુંદરતા, સોજો, થાક અને આ બધા વચ્ચે થતા અસંખ્ય શારીરિક ફેરફારો-આ જ સાચી પોસ્ટપાર્ટમ રિકવરી છે."

ઈન્સ્ટાગ્રામ પરથી લીધેલો સ્ક્રીનશોટ

શિવાલિકાએ વધુમાં અપીલ કરતાં જણાવ્યું કે, લોકોએ માતૃત્વને લઈને બનાવેલી અવાસ્તવિક અપેક્ષાઓ અને છબીઓનો મહિમા ગાવાનું હવે બંધ કરવું જોઈએ, જેનું વાસ્તવિકતા સાથે કોઈ લેવાદેવા નથી.

સોશિયલ મીડિયા પર થઈ હતી અભદ્ર ટિપ્પણીઓ

25 ઑગસ્ટે ફિલ્મમેકર કુકુ કોહલીનું નિધન થયા બાદ 26 ઑગસ્ટે મુંબઈમાં યોજાયેલી શોકસભામાં કેટરિના લાંબા સમય બાદ જાહેરમાં જોવા મળી હતી. આ દરમિયાન સામે આવેલા વીડિયો અને ફોટોઝ પર કેટલાક યુઝર્સે તેના લુક અને વજનને ટાર્ગેટ કર્યું હતું. એક યુઝરે લખ્યું કે 'કેટરિનાને આ શું થઈ ગયું?', તો અન્ય એક યુઝરે તેના શરીરની તુલના 'રસગુલ્લા' સાથે કરી નાખી. કોઈકે વળી તેની ચાલવાની સ્ટાઈલ બદલાઈ ગઈ હોવાની કમેન્ટ કરી હતી.

નવેમ્બરમાં માતા બની હતી કેટરિના

કેટરિના કૈફે ગયા વર્ષે નવેમ્બર મહિનામાં પુત્ર 'વિહાન'ને જન્મ આપ્યો હતો. માતા બન્યા પછી કેટરિનાએ જાહેર કાર્યક્રમો અને લાઈમલાઈટથી અંતર જાળવી રાખ્યું છે. શિવાલિકાની આ પોસ્ટ માત્ર કેટરિનાનો બચાવ નથી કરતી,

# સરકારે કહ્યું- ખાંડ સંગ્રહખોરીથી મોંઘી થઈ, ઈથેનોલ કારણ નથી : એક મહિનામાં કિંમત ₹55 પાર, ઓક્ટોબરમાં 10 લાખ ટન ઉત્પાદનનું લક્ષ્ય

નવી દિલ્હી, તા.05

સરકારે તે દાવાઓને નકારી કાઢ્યા છે, જેમાં કહેવામાં આવ્યું હતું કે ખાંડમાંથી ઈથેનોલ બનાવવાને કારણે બજારમાં તેના ભાવ વધ્યા છે.

ખાદ્ય અને ગ્રાહક મંત્રાલયે શુક્રવારે જણાવ્યું હતું કે ઓછું ઉત્પાદન, તહેવારોની સિઝનની માંગ અને સંગ્રહખોરીને કારણે કિંમતોમાં વધારો થયો છે.

ખાંડના વધતા ભાવને રોકવા માટે સ્ટોક લિમિટ અને ડ્યુટી ફ્રી ઈમ્પોર્ટ જેવા પગલાં લેવામાં આવ્યા છે.




ઈથેનોલ માટે ખાંડનો ઉપયોગ ઘટ્યો

મંત્રાલયે જણાવ્યું હતું કે ખાંડની વધતી કિંમતોને ઈથેનોલ બનાવવામાં તેના ઉપયોગ સાથે જોડવું સંપૂર્ણપણે ખોટું છે.

પેટ્રોલમાં ભેળવવા માટે ખાંડમાંથી ઈથેનોલ બનાવવાનો હિસ્સો 2022-23 સીઝનના 12% થી ઘટીને 2025-26 સીઝનમાં લગભગ 9% થઈ ગયો છે.

વર્તમાન સમયમાં દેશના કુલ ઈથેનોલ ઉત્પાદનનો લગભગ 75% હિસ્સો અનાજ, ખાસ કરીને મકાઈમાંથી આવી રહ્યો છે.

મિલરો અને ખેડૂતોને કેવી રીતે થયો ફાયદો?

ભારતમાં દર વર્ષે લગભગ 32-34 મિલિયન ટન ખાંડ બને છે અને તેનો વપરાશ 28-29 મિલિયન ટન છે. પહેલાં આ વધારાની ખાંડ મિલોમાં ફસાયેલી રહેતી હતી, જેના કારણે તેમના પૈસા બ્લોક થઈ જતા હતા અને તેઓ શેરડીના ખેડૂતોને ચૂકવણી કરી શકતા ન હતા.

હવે સરકાર આ વધારાની ખાંડ અને શેરડીનો ઉપયોગ પેટ્રોલમાં ભેળવવામાં આવતા ઈથેનોલ બનાવવા માટે કરી રહી છે. આનાથી મિલો પાસે પૈસા આવ્યા અને ખેડૂતોને સમયસર ચૂકવણી મળવા લાગી. 20 ઓગસ્ટ 2026 સુધીમાં આ સિઝનનું 97% બાકી લેણું ખેડૂતોને ચૂકવી દેવામાં આવ્યું છે.

સરકારની બચી મોટી સબસિડી

મિલોની કમાણી વધવાથી હવે તેમને સરકાર પાસેથી મદદની જરૂર પડતી નથી. આ જ કારણ છે કે સરકારે 2014 થી 2021 દરમિયાન મિલોને 14,600 કરોડ રૂપિયાની સબસિડી આપી હતી, પરંતુ વર્ષ 2021-22 પછી સરકારને 1 રૂપિયાની પણ નવી સબસિડી આપવાની જરૂર પડી નથી.

ખાંડ ભારતમાં 7.50 મોંઘી, ગ્લોબલ માર્કેટમાં 16%નો ઉછાળો

દેશના રિટેલ બજારમાં છેલ્લા એક મહિનામાં ખાંડના ભાવમાં ઝડપથી વધારો થયો છે. 20 જુલાઈએ જે ખાંડ 48.18 પ્રતિ કિલો હતી, તે 20 ઓગસ્ટે વધીને 55.70 પ્રતિ કિલો પર પહોંચી ગઈ. ખાંડની આ અછત માત્ર ભારતમાં જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વમાં છે. સરકારી અંદાજ મુજબ, વર્ષ 2026-27માં વૈશ્વિક સ્તરે લગભગ 33 લાખ ટન ખાંડની અછત થઈ શકે છે.

વિશ્વભરમાં સપ્લાય ઓછો થવાને કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં પણ ખાંડના ભાવમાં ખૂબ ઝડપથી વધારો થયો છે. માત્ર 50 દિવસમાં (30 જૂનથી 20 ઓગસ્ટ) ગ્લોબલ માર્કેટમાં ખાંડનો ભાવ 474 ડોલરથી વધીને 552 ડોલર પ્રતિ ટન (16% થી વધુ) પર પહોંચી ગયો છે.

15 દિવસથી વધુ સ્ટોક રાખવા પર

સરકારે ખાંડના વેપારીઓ અને ડીલરો પર સ્ટોક રાખવાની મર્યાદા લાગુ કરી દીધી છે. નવા નિયમો હેઠળ, મહિનામાં 10 મેટ્રિક ટનથી વધુ ખાંડનો વેપાર કરતા ડીલરો 15 દિવસથી વધુના વપરાશનો સ્ટોક જમા કરીને રાખી શકશે નહીં.

આ ઉપરાંત, ત્રણ વધુ પગલાં લેવામાં આવ્યા છે ખાંડની આયાતને ટેક્સ ફ્રી પણ કરી દીધી છે. નિકાસ પર 30 સપ્ટેમ્બર 2026 સુધી રોક લગાવી દીધી છે.

# ઓટો કંપનીઓએ 40 લાખ EV કાર પાછી મંગાવી : 30 લાખ ટેસ્લા કાર પણ સામેલ, ડોર હેન્ડલમાં ખામીથી અકસ્માતમાં કારમાં ફસાવાનું જોખમ

મુંબઈ, તા.05

ચીનના રેગ્યુલેટરે સુરક્ષા સંબંધિત ચિંતાઓને ધ્યાનમાં રાખીને ટેસ્લા અને ઘણી મુખ્ય ચીની ઈલેક્ટ્રિક વાહન નિર્માતા કંપનીઓને 40 લાખથી વધુ વાહનો પાછા મંગાવવા જણાવ્યું છે. આ આ વર્ષનો સૌથી મોટો ઓટો રિકોલ છે, જે મુખ્યત્વે વાહનોના ફ્લશ અથવા છુપાયેલા ડોર હેન્ડલમાં આવી રહેલી સમસ્યાઓ સાથે સંબંધિત છે.



29.8 લાખ ટેસ્લા વાહનોમાં ડોર હેન્ડલની સુરક્ષાનું જોખમ

ચીનના સ્ટેટ એડમિનિસ્ટ્રેશન ફોર માર્કેટ રેગ્યુલેશન અનુસાર, અમેરિકી કાર નિર્માતા કંપની ટેસ્લા ચીનમાં બનેલી અને આયાત કરાયેલી લગભગ 29.8 લાખ EV (ઈલેક્ટ્રોનિક વ્હિકલ) પાછી મંગાવી રહી છે. આમાં ટેસ્લાના 'મોડેલ 3', 'મોડેલ Y', 'મોડેલ X' અને 'મોડેલ S' જેવા મોડેલનો સમાવેશ થાય છે. કંપની સોફ્ટવેર અપડેટ દ્વારા ડોર હેન્ડલ સંબંધિત આ તકનીકી સમસ્યાને સુધારશે, જેથી કોઈ દુર્ઘટનાની સ્થિતિમાં કોઈ જોખમ ન રહે.

અકસ્માત સમયે લોકો અંદર ફસાઈ જાય છે, 2027થી પ્રતિબંધ લાગશે

ચીન અને દુનિયાના અન્ય ભાગોમાં થયેલા ઘણા EV અકસ્માતો પછી, રેગ્યુલેટરે હિડન ડોર હેન્ડલ્સની તપાસ કડક કરી દીધી હતી. અકસ્માત પછી ઈલેક્ટ્રિકલ સિસ્ટમ ફેઈલ થવા પર આ ડિજિટલ ડોર હેન્ડલ્સ કામ કરવાનું બંધ કરી દેતા હતા, જેનાથી દરવાજા લોક થઈ જતા હતા અને લોકો ગાડીની અંદર જ ફસાઈ જતા હતા.

ચાઈનીઝ રેગ્યુલેટરે પોતાની વેબસાઈટ પર જાહેર કરેલી નોટિસમાં જણાવ્યું છે કે, ગંભીર ટક્કર કે અકસ્માતની સ્થિતિમાં જો કારની ઈલેક્ટ્રિકલ સિસ્ટમ ફેઈલ થાય છે, તો આ હેન્ડલ્સ મુસાફરોને તરત બહાર નીકળતા રોકે છે અને બહાર હાજર બચાવ દળને પણ અંદર પહોંચવા દેતા નથી.

ચીન સરકારે જાહેરાત કરી છે કે, આવતા વર્ષથી EV વાહનોમાં ફ્લશ/હિડન ડોર હેન્ડલ પર પ્રતિબંધ મૂકવામાં આવશે અને 2027 સુધીમાં આ પ્રતિબંધ સંપૂર્ણપણે અમલમાં આવી જશે.

ફ્લશ/હિડન હેન્ડલ શું છે?

એરોડાયનેમિક્સ વધારવા અને કારને પ્રીમિયમ લુક આપવા માટે બોડીની અંદર છુપાયેલા રહેતા હેન્ડલ, જે ચાવી કે હાથ નજીક લઈ જતાં બહાર આવે છે.

# રોયલ એનફિલ્ડ ક્લાસિક 350 ગોરખા એડિશન લોન્ચ : ગોરખા ગ્રીન કલર અને ખુખરી સિમ્બોલથી સજ્જ રેટ્રો લુક, કિંમત ₹2.10 લાખ

નવી દિલ્હી, તા.05

રોયલ એનફિલ્ડે ભારતમાં 'ક્લાસિક 350 ગોરખા એડિશન' લોન્ચ કર્યું છે. તેની એક્સ-શોરૂમ કિંમત 2,10,684 રૂપિયા રાખવામાં આવી છે. બાઈકની બુકિંગ સમગ્ર દેશમાં શરૂ થઈ ગઈ છે. આ એડિશન ગોરખા રેજિમેન્ટથી પ્રેરિત છે અને કંપનીએ તેને રેજિમેન્ટના વારસાને સન્માન આપવા માટે રજૂ કર્યું છે. બાઈકમાં ગોરખા ગ્રીન પેઈન્ટ અને ક્રોસ્ડ ખુખરી સિમ્બોલવાળું ખાસ ઈન્સિગ્નિયા આપવામાં આવ્યું છે.



'ક્લાસિક 350 ગોરખા એડિશન'માં 'સ્ટાન્ડર્ડ ક્લાસિક 350'ની ડિઝાઈન જાળવી રાખવામાં આવી છે. તેમાં ગોરખા રેજિમેન્ટના ઈતિહાસ અને ઓળખ સાથે જોડાયેલા તત્વો ઉમેરવામાં આવ્યા છે. બાઈકમાં 'ક્લાસિક 350'નું જ જે-સીરીઝ એન્જિન આપવામાં આવ્યું છે. તેમાં તે જ રાઈડિંગ પોઝિશન અને ઓવરઓલ ડિઝાઈન પણ મળે છે. આ 349 સીસી, સિંગલ-સિલિન્ડર, એર-ઓઈલ-કૂલ્ડ એન્જિન છે. એન્જિન 6,100 આરપીએમ પર 20.2 પીએસ પાવર અને 4,000 આરપીએમ પર 27 એનએમ ટોર્ક આપે છે.

એન્જિનને 5-સ્પીડ ગિયરબોક્સ સાથે જોડવામાં આવ્યું છે. તેનું પાવરટ્રેન સ્ટાન્ડર્ડ ક્લાસિક 350થી અલગ નથી. કંપનીએ એન્જિનને એવી રીતે ટ્યુન કર્યું છે કે ઓછા આરપીએમ પર જ ટોર્ક મળી શકે. બાઈકમાં આસિસ્ટ-એન્ડ-સ્લિપર ક્લચ અને USB ટાઈપ-સી ચાર્જિંગ પોર્ટ આપવામાં આવ્યું છે. કંપનીના મતે, રોજિંદા રાઈડિંગ કન્ડિશનમાં તેની ફ્યુઅલ એફિશિયન્સી આશરે 35 થી 40 કિલોમીટર પ્રતિ લિટર છે.

ચેસિસ અને રાઈડિંગ સેટઅપ

'ક્લાસિક 350 ગોરખા એડિશન' ટ્વીન-ડાઉનટ્યુબ ચેસિસ પર બનેલી છે. તેમાં શહેરી રસ્તાઓ અને હાઈવે પર ઉપયોગ માટે ટ્યુન કરાયેલું સસ્પેન્શન આપવામાં આવ્યું છે. બાઈકનું કર્બ વજન આશરે 195 કિલોગ્રામ છે. આસિસ્ટ-એન્ડ-સ્લિપર ક્લચ હળવા ક્લચ ઓપરેશન અને ગિયર બદલવાને સરળ બનાવવામાં મદદ કરે છે.

'ક્લાસિક 350'ની ડિઝાઈન

'ક્લાસિક 350'માં રેટ્રોથી પ્રેરિત ડિઝાઈન જાળવી રાખવામાં આવી છે. તેમાં ટીયરડ્રોપ આકારની ફ્યુઅલ ટાંકી, વળાંકવાળા બોડી પેનલ્સ અને મોટા ફેન્ડર્સ આપવામાં આવ્યા છે. વેરિઅન્ટ મુજબ બાઈક સિંગલ-સીટ અથવા સ્પ્લિટ-સીટ કન્ફિગરેશનમાં મળે છે. તેમાં પેઈન્ટ ફિનિશના પણ અલગ-અલગ વિકલ્પો આપવામાં આવ્યા છે. બાઈકમાં મેટલ ફ્યુઅલ ટાંકી અને ફિનવાળા એન્જિન કેસિંગ્સ મળે છે. આ ફીચર્સ રોયલ એનફિલ્ડના જૂના મોડલ્સની યાદ અપાવે છે. રાઈડર એર્ગોનોમિક્સમાં સીધી રાઈડિંગ પોઝિશન, પહોળા હેન્ડલબાર અને વચ્ચે લગાવેલા ફૂટપેગનો સમાવેશ થાય છે. આને રોજિંદા રાઈડિંગમાં આરામ માટે ડિઝાઈન કરવામાં આવ્યા છે.

ગોરખા કલેક્શનમાં શું મળશે?

મોટરસાઈકલ સાથે રોયલ એનફિલ્ડે ગોરખા કલેક્શન પણ રજૂ કર્યું છે. આમાં ગોરખા રેજિમેન્ટથી પ્રેરિત રાઈડિંગ ગિયર, કપડાં અને એક્સેસરીઝનો સમાવેશ થાય છે.

# તમારા આધાર પર બીજું કોઈ સિમ તો નથી ચલાવી રહ્યું

## આ રીતે તપાસો; એક ID પર 9 કનેક્શનની છૂટ, ખોટા ઉપયોગ પર રિપોર્ટ કરી શકો છો

નવી દિલ્હી, તા.05

આજકાલ નવું મોબાઈલ સિમ કનેક્શન લેવા માટે ડિજિટલ KYC અથવા e-KYC ની પ્રક્રિયા ફરજિયાત કરવામાં આવી છે. આ સાથે જ સરકારે સામાન્ય ગ્રાહકો માટે બલ્ક (એક સાથે ઘણા) સિમ કાર્ડ જારી કરવા પર પણ કડક પ્રતિબંધ મૂક્યો છે.

તમારું આધાર કાર્ડ તમારી ધારણા કરતાં વધુ મોબાઈલ નંબરો સાથે જોડાયેલું હોઈ શકે છે. ટેલિકોમ ડિપાર્ટમેન્ટ (DoT) ના નિયમો અનુસાર, કોઈપણ એક વ્યક્તિ પોતાના નામે વધુમાં વધુ 9 મોબાઈલ સિમ કનેક્શન રાખી શકે છે.




આ નિયમ કનેક્શનોને નિયંત્રિત કરવા માટે બનાવવામાં આવ્યો હતો, પરંતુ આધાર વિગતોના વધતા દુરુપયોગને જોતાં, હવે સમયાંતરે એ તપાસવું જરૂરી બની ગયું છે કે તમારી ઓળખ પર કેટલા સિમ એક્ટિવ છે.

છેતરપિંડીનું જોખમ શા માટે વધ્યું?

ટેલિકોમ કંપનીઓ નવું સિમ કાર્ડ જારી કરવા માટે આધારને એક માન્ય ઓળખ અને સરનામાના દસ્તાવેજ તરીકે સ્વીકારે છે.

આનાથી આધાર આધારિત વેરિફિકેશન તો સરળ બની જાય છે, પરંતુ જો તમારી ID કોઈ ખોટા હાથમાં પડી જાય તો મોટું જોખમ ઊભું થઈ શકે છે.

ઠગ કથિત રીતે અન્ય વ્યક્તિના ઓળખપત્રોનો ઉપયોગ કરીને સિમ કાર્ડ મેળવી લે છે. ત્યારબાદ આ નંબરોનો ઉપયોગ નકલી કોલ્સ, એસએમએસ, સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ અથવા નાણાકીય છેતરપિંડી માટે કરવામાં આવે છે.

ટેલિકોમ વિભાગની 'સંચાર સાથી'થી આ રીતે કરો ચેક

આધારના આ દુરુપયોગને રોકવા અને ગ્રાહકોને સાવચેત કરવા માટે સરકારે 'સંચાર સાથી' (Sanchar Saathi) પોર્ટલ રજૂ કર્યું છે.

આ અંતર્ગત TAFCOP (ટેલિકોમ એનાલિટિક્સ ફોર ફ્રોડ મેનેજમેન્ટ એન્ડ કન્ઝ્યુમર પ્રોટેક્શન)ની સુવિધા આપવામાં આવી છે.

આના દ્વારા ગ્રાહકો તેમના નામ પર જારી કરાયેલા તમામ મોબાઈલ કનેક્શન્સની યાદી જોઈ શકે છે અને અજાણ્યા નંબરોની જાણ કરી શકે છે. આ રીતે ચેક કરો તમારા આધાર સાથે લિંક મોબાઈલ નંબર:

સૌ પ્રથમ સંચાર સાથીની સત્તાવાર વેબસાઈટ પર જાઓ અને તમારા નામ પર જારી કરાયેલા મોબાઈલ કનેક્શન તપાસવાનો વિકલ્પ પસંદ કરો.

તમારો 10 અંકનો સક્રિય મોબાઈલ નંબર દાખલ કરો, કેપ્ચા (CAPTCHA) કોડ ભરો અને OTP દ્વારા વેરિફિકેશન પૂર્ણ કરો.

વેરિફિકેશન થતાં જ તમારી ઓળખ સાથે જોડાયેલા તમામ મોબાઈલ નંબર સ્ક્રીન પર દેખાશે

જો યાદીમાં કોઈ એવો નંબર દેખાય જેને તમે ઓળખતા નથી, તો તમે તેને અવગણવાને બદલે તરત જ પોર્ટલ દ્વારા રિપોર્ટ અને બ્લોક કરવાની કાર્યવાહી કરી શકો છો.

સુરક્ષા તપાસની જરૂર શા માટે પડી?

આજના સમયમાં મોબાઈલ નંબર સીધા બેન્કિંગ, ડિજિટલ પેમેન્ટ્સ, સોશિયલ મીડિયા અને અન્ય ઓનલાઈન સેવાઓ સાથે જોડાયેલા છે જો કોઈ અજાણ્યો કે નકલી સિમ તમારા નામે ચાલુ રહે છે, તો છેતરપિંડી કરનારાઓ તમારા નામે OTP આધારિત ઓથેન્ટિકેશન અને અન્ય સુવિધાઓમાં ઘૂસણખોરી કરી શકે છે.

સરકારે સિમ કાર્ડ જારી કરવાના નિયમોને વધુ કડક બનાવ્યા છે. નવા સિમ માટે e-KYC ફરજિયાત છે અને બલ્ક સિમ વેચાણ પર પ્રતિબંધ છે.

આ ઉપરાંત, ડીએક્ટિવેટ (બંધ) થયેલા નંબરોના રી-ઈશ્યુને લઈને પણ કડક નિયમો બનાવવામાં આવ્યા છે, જેના હેઠળ કોઈ નિષ્ક્રિય નંબરને ફરીથી કોઈને ફાળવતા પહેલા 90 દિવસનો વેઈટિંગ પિરિયડ ફરજિયાત કરવામાં આવ્યો છે.

શું છે TAFCOP?

TAFCOP (ટેલિકોમ એનાલિટિક્સ ફોર ફ્રોડ મેનેજમેન્ટ એન્ડ કન્ઝ્યુમર પ્રોટેક્શન) દૂરસંચાર વિભાગની એક પહેલ છે.

# ICICI બેંકમાં 9.99% હિસ્સેદારી LIC ખરીદશે : RBI તરફથી મંજૂરી મળી; કંપનીએ 1 વર્ષમાં પ્રક્રિયા પૂર્ણ કરવી પડશે

નવી દિલ્હી, તા.05

દેશની સૌથી મોટી સરકારી વીમા કંપની લાઈફ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા હવે ICICI બેંકમાં 9.99% હિસ્સેદારી ખરીદશે. આ માટે LICને રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા તરફથી મંજૂરી મળી ગઈ છે. ICICI બેંકે શેર માર્કેટ ફાઈલિંગમાં આ અંગેની જાણકારી આપી છે. બેંક અનુસાર, RBI દ્વારા જારી કરાયેલ મંજૂરી પત્ર 4 સપ્ટેમ્બર 2026ના રોજ રાત્રે 9:09 વાગ્યે મળ્યો. આ મંજુરી મળ્યા પછી હવે LIC આગામી એક વર્ષની અંદર બેંકમાં પોતાની હિસ્સેદારી વધારી શકશે.દેશની સૌથી મોટી સરકારી વીમા કંપની લાઈફ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા હવે ICICI બેંકમાં 9.99% હિસ્સેદારી ખરીદશે. આ માટે LICને રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા તરફથી મંજૂરી મળી ગઈ છે. ICICI બેંકે શેર માર્કેટ ફાઈલિંગમાં આ અંગેની જાણકારી આપી છે. બેંક અનુસાર, RBI દ્વારા જારી કરાયેલ મંજૂરી પત્ર 4 સપ્ટેમ્બર 2026ના રોજ રાત્રે 9:09 વાગ્યે




મળ્યો. આ મંજુરી મળ્યા પછી હવે LIC આગામી એક વર્ષની અંદર બેંકમાં પોતાની હિસ્સેદારી વધારી શકશે.

1 વર્ષની સમયમર્યાદા નક્કી, નહીંતર મંજૂરી રદ થશે

ફાઈલિંગમાં જણાવાયું છે કે આ મંજૂરી એક મર્યાદિત સમયમર્યાદા સાથે આપવામાં આવી છે. જો LIC મંજૂરી પત્ર જારી થયાની તારીખ (4 સપ્ટેમ્બર 2026) થી એક વર્ષની અંદર આ હિસ્સેદારીનું અધિગ્રહણ પૂર્ણ કરી શકતી નથી, તો આ મંજુરી રદ થઈ જશે. આ ખરીદી સરકારી નિયમો અને કાનૂની શરતોને પૂર્ણ કરવા પર જ નક્કી થશે. ફાઈલિંગમાં જણાવાયું છે કે આ મંજૂરી એક મર્યાદિત સમયમર્યાદા સાથે આપવામાં આવી છે. જો LIC મંજૂરી પત્ર જારી થયાની તારીખ (4 સપ્ટેમ્બર 2026) થી એક વર્ષની અંદર આ હિસ્સેદારીનું અધિગ્રહણ પૂર્ણ કરી શકતી નથી, તો આ મંજુરી રદ થઈ જશે. આ ખરીદી સરકારી નિયમો અને કાનૂની શરતોને પૂર્ણ કરવા પર જ નક્કી થશે.

HDFC બેંકમાં પણ હિસ્સેદારી ખરીદશે LIC

ICICI બેંક પહેલાં LICને દેશની સૌથી મોટી પ્રાઈવેટ બેંક HDFC બેંકમાં પણ પોતાનો હિસ્સો વધારવાની મંજૂરી મળી ચૂકી છે.

19 ઓગસ્ટના રોજ HDFC બેંકની ફાઈલિંગ અનુસાર, RBI એ LICને બેંકની પેઈડ-અપ શેર કેપિટલ અથવા વોટિંગ રાઈટ્સના 9.99% સુધી હસ્તગત કરવાની મંજૂરી આપી હતી.

ફાઈલિંગના આંકડા અનુસાર, LIC પાસે પહેલાથી જ HDFC બેંકની કુલ શેર મૂડીICICI બેંક પહેલાં LICને દેશની સૌથી મોટી પ્રાઈવેટ બેંક HDFC બેંકમાં પણ પોતાનો હિસ્સો વધારવાની મંજૂરી મળી ચૂકી છે.19 ઓગસ્ટના રોજ HDFC બેંકની ફાઈલિંગ અનુસાર, RBI એ LICને બેંકની પેઈડ-અપ શેર કેપિટલ અથવા વોટિંગ રાઈટ્સના 9.99% સુધી હસ્તગત કરવાની મંજૂરી આપી હતી.ફાઈલિંગના આંકડા અનુસાર, LIC પાસે પહેલાથી જ HDFC બેંકની કુલ શેર મૂડીનો 4.11% હિસ્સો હતો. નો 4.11% હિસ્સો હતો. શેરબજારમાં કંપનીઓની સ્થિતિશુક્રવારે LICનો શેર 1.55 રૂપિયા એટલે કે 0.37% ઘટીને 415.35 પર બંધ થયો. જ્યારે ICICI બેંકનો શેર 1,423.20ના સ્તરે બંધ થયો હતો.

# એક અઠવાડિયામાં સોનું ₹4694 અને ચાંદી ₹8436 સસ્તી : 10 ગ્રામ સોનું ₹1.55 લાખ પર આવ્યું, એક કિલો ચાંદી ₹2.35 લાખમાં વેચાઈ રહી છે

નવી દિલ્હી, તા.05

સોના-ચાંદીના ભાવમાં આ અઠવાડિયે ઘટાડો જોવા મળ્યો. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) મુજબ, 10 ગ્રામ 24 કેરેટ સોનાનો ભાવ 4,694 રૂપિયા ઘટીને 1.55 લાખ રૂપિયા થયો છે.

આ પહેલા તે ગયા અઠવાડિયે એટલે કે 28 ઓગસ્ટે લગભગ 1.60 લાખ રૂપિયા પર હતો. જ્યારે ચાંદી 2.44 લાખ રૂપિયા પ્રતિ કિલોથી ઘટીને 2.35 લાખ રૂપિયા પર પહોંચી ગઈ છે, તેની કિંમત 8,436 રૂપિયા વધી છે.

અલગ-અલગ શહેરોમાં સોનાના ભાવ અલગ હોવાના 4 કારણો

ટ્રાન્સપોર્ટેશન અને સુરક્ષા: એક શહેરથી બીજા શહેરમાં સોનું લઈ જવામાં ઈંધણ અને સુરક્ષા ખર્ચ ઉમેરાય છે, જેનાથી અંતર વધવા પર ભાવ વધે છે.

ખરીદીની માત્રા: દક્ષિણ ભારતમાં વધુ વપરાશ (લગભગ 40%) ને કારણે જ્વેલર્સ મોટી ખરીદી કરે છે, પરંતુ છૂટનો ફાયદો મર્યાદિત રહે છે.સ્થાનિક જ્વેલરી એસોસિએશન: રાજ્ય અને શહેરના જ્વેલરી એસોસિએશન સ્થાનિક માંગ-પુરવઠાના આધારે ભાવ નક્કી કરે છે.જૂનો સ્ટોક અને ખરીદ કિંમત: જ્વેલર્સનો ખરીદીનો ભાવ નક્કી કરે છે કે તેઓ ગ્રાહકોને કેટલી કિંમતમાં વેચશે.

સોનું આ વર્ષે 22 હજાર મોંઘું થઈ ચૂક્યું છે

આ વર્ષે સોના-ચાંદીની કિંમતમાં સતત ઉતાર-ચઢાવ જોવા મળી રહ્યો છે. સોનું 2026માં અત્યાર સુધીમાં 22 હજાર રૂપિયા મોંઘું થઈ ગયું છે.


અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન
ટેન્ડર નોટિસ (2026 2027)

| અ.નં | ખાતું | ટેન્ડર નંબર | ટેન્ડરની વિગત / ટેન્ડર વેબસાઈટ |
|---|---|---|---|
| 1 | CATTLE NUISANCE CONTROL DEPARTMENT | E-Tender Notice No53/2026-27/ CNCD/AM | CNCD Dept. of AMC invite bid from the reputed, consultants/companies/ firms having the required qualifications mentioned in the bid document for for 'Selection of Consultant Providing Handholding and Technical Support to the Cattle Nuisance Control Department (CNCD) of Ahmedabad Municipal Corporation'. Interested bidders / organization are here by informed to visit the. website. www.ahmedabadcity.gov.in & https://tender.nprocure.com follow the instructions given, Complete the procedure & submit bid. documents in time limit as shown in tender. |
| 2 | CATTLE NUISANCE CONTROL DEPARTMENT | શોર્ટ ઈ-ટેન્ડર નોટિસ ન.49થી52/ 2026-27/CNCD/AMC | "સી.એન.સી.ડી. ખાતામાં રખડતા પશુઓને પકડવા તથા પશુવિષયક/ દક્ષિણ ઝોનમાં કામગીરી માટે મજુરો આઉટસોર્સ કોન્ટ્રક્ટથી પુરા પાડવા જેવી વિવિધ કામગીરીઓ, લાંભા ડોગ શેલ્ટરમાં કેનાલ્સ પુરા પાડવાની કામગીરી, અમદવાદ પશ્ચિમ તથા પૂર્વ વિસ્તારમાં એબીસી સેન્ટર ખાતો એનીમલ ક્રિમેટર મશીન્સના જાણકાર નિષ્ણાંત એજન્સી/સંસ્થ/કંપની પાસેથી ખરીદ કરવા માટે* માં રસ ધરાવતી પાર્ટીઓ / એજન્સીઓ પાસેથી સીલબંધ કવરમાં ટેન્ડર મંગાવવામાં આવે છે. જે માટે ટેન્ડર/ વેબસાઈટ https://tender.nprocure.com તથા www.ahmedabadcity.gov.in પરથી ટેન્ડર ડાઉનલોડ કરી તેમાં જણાવેલ પ્રક્રિયા સમયમાર્યદામાં અનુસરવાની રહેશે. |

DATE.04/09/2026

# ભૂપેન્દ્ર પટેલે બાલગોપાલને પારણે ઝુલાવી ધન્યતા અનુભવી : ગાંધીનગરમાં ડભોડાના 250 વર્ષ જુના રણછોડરાયજી મંદિરે જન્માષ્ટમીની ભવ્ય ઉજવણી

**ગાંધીનગર, તા.05**

પવિત્ર શ્રાવણ માસની આઠમના પાવન અવસરે સમગ્ર રાજ્યમાં જન્માષ્ટમીના પર્વની ભારે હર્ષોલ્લાસ અને ભક્તિમય વાતાવરણમાં ઉજવણી કરવામાં આવી હતી. આ ધાર્મિક ઉજવણીના ભાગરૂપે ગાંધીનગર નજીક આવેલા ઐતિહાસિક ડભોડા ગામે સ્થિત શ્રી રણછોડરાયજીના મંદિરે કૃષ્ણ જન્મોત્સવનો વિશેષ કાર્યક્રમ યોજાયો હતો, જેમાં રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ખાસ ઉપસ્થિતિ રહી ગ્રામજનો સાથે ઉત્સવ ઉજવ્યો હતો.

**ભૂપેન્દ્ર પટેલે બાલગોપાલને પારણે ઝુલાવ્યાં**

ડભોડાનું આ શ્રી રણછોડરાયજી મંદિર આશરે 250 વર્ષ જૂનું પૌરાણિક મહત્વ ધરાવે છે અને તાજેતરમાં જ તેનો જીર્ણોદ્ધાર કરી નવનિર્માણ કરવામાં આવ્યું છે. જન્માષ્ટમીના અવસરે મુખ્યમંત્રીએ આ પૌરાણિક ધામમાં પહોંચી ભગવાન રણછોડરાયના ભક્તિભાવપૂર્વક દર્શન કર્યા હતા. તેમણે શાસ્ત્રોક્ત વિધિ મુજબ આરતી અને પૂજા-અર્ચન કરીને બાલગોપાલના પારણાંને ઝુલાવવાનો ધન્ય અવસર પ્રાપ્ત કર્યો હતો.

**101 વાનગીઓનો ભવ્ય અન્નકૂટ ધરાયો**

આ પ્રસંગે મંદિરના મહંત હરિરામ સ્વામી 1008 મહામંડલેશ્વરજીએ મુખ્યમંત્રીને



વિધિવત આશીર્વાદ પાઠવ્યા હતા. રણછોડરાયજીના આંગણે ઉત્સવ નિમિત્તે મંદિર પરિસરને રંગબેરંગી ફૂલોની મનોહર સજાવટથી શણગારવામાં આવ્યું હતું. ભગવાન સમક્ષ 101 વિવિધ વાનગીઓનો ભવ્ય અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો જેના દર્શન કરી ભક્તો ધન્ય બન્યા હતા.

**અલ્પેશ ઠાકોર સહિત સ્થાનિક અગ્રણીઓ હાજર રહ્યાં**

જ્યારે સ્થાનિક આગેવાનો અને ગ્રામજનો દ્વારા મુખ્યમંત્રીનું પરંપરાગત રીતે પાઘડી પહેરાવી, શાલ ઓઢાડી અને સ્મૃતિચિન્હ અર્પણ કરી ભાવભીનું સ્વાગત કરવામાં આવ્યું હતું. દર્શન-પૂજન બાદ મુખ્યમંત્રીએ રાજ્યના તમામ નાગરિકોની સુખાકારી, શાંતિ, સમૃદ્ધિ અને ગુજરાતના સર્વાંગી વિકાસ માટે પ્રભુ ચરણોમાં પ્રાર્થના કરી સૌ દેશવાસીઓને જન્માષ્ટમીની શુભકામનાઓ પાઠવી હતી. ડભોડા રાત્રિ રોકાણ દરમિયાન તેમણે સ્થાનિક હનુમાનજી મંદિરે પણ શીશ નવમાવ્યું હતું.આ ધાર્મિક મહોત્સવમાં ગાંધીનગર દક્ષિણના ધારાસભ્ય અલ્પેશ ઠાકોર સહિત સ્થાનિક અગ્રણીઓ અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે સ્થાનિક આગેવાનો અને ગ્રામજનો દ્વારા મુખ્યમંત્રીનું પરંપરાગત રીતે પાઘડી પહેરાવી, શાલ ઓઢાડી અને સ્મૃતિચિન્હ અર્પણ કરી ભાવભીનું સ્વાગત કરવામાં આવ્યું હતું. દર્શન-પૂજન બાદ મુખ્યમંત્રીએ રાજ્યના તમામ નાગરિકોની સુખાકારી, શાંતિ, સમૃદ્ધિ અને ગુજરાતના સર્વાંગી વિકાસ માટે પ્રભુ ચરણોમાં પ્રાર્થના કરી સૌ દેશવાસીઓને જન્માષ્ટમીની શુભકામનાઓ પાઠવી હતી. ડભોડા રાત્રિ રોકાણ દરમિયાન તેમણે સ્થાનિક હનુમાનજી મંદિરે પણ શીશ નવમાવ્યું હતું.આ ધાર્મિક મહોત્સવમાં ગાંધીનગર દક્ષિણના ધારાસભ્ય અલ્પેશ ઠાકોર સહિત સ્થાનિક અગ્રણીઓ અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# બેંગલુરુથી રાખડી બંધાવવા આવેલો એન્જિનિયર કેનાલમાં તણાયો : મામા-પિતાને ડૂબતા જોઈ દીકરી પણ કેનાલમાં કૂદી

**ગાંધીનગર, તા.05**

ગાંધીનગર નજીક આવેલી અંબાપુર કેનાલ પર રક્ષાબંધનની ઉજવણી વચ્ચે એક હૃદયદ્રાવક હોનારત સર્જાઈ છે. બેંગલુરુથી ખાસ બહેન પાસે રાખડી બંધાવવા આવેલો એન્જિનિયર યુવક કેનાલ પર ફરતી વખતે પગ લપસતાં ધસમસતા પ્રવાહમાં તણાઈ ગયો હતો. તેને બચાવવા પડેલા એરફોર્સ જવાન પિતા અને તેમની માસૂમ પુત્રીને સ્થાનિકોએ સમયસૂચકતા વાપરીને હેમખેમ બહાર કાઢી લીધા હતા. ફાયર બ્રિગેડ અને તરવૈયાઓની ત્રણ દિવસની શોધખોળ બાદ યુવકનો મૃતદેહ મળી આવ્યો છે.

લેકાવાડા એરફોર્સ સ્ટેશનમાં ફરજ બજાવતા ગૌરવ યોગી તેમના સાળા અંકિત અને બે બાળકો સાથે ગુરુવારે ઢળતી સાંજે કેનાલ પર ફરવા ગયા હતા. આ સમયે અંકિતનો પગ લપસતાં તે પાણીમાં ગરકાવ થવા લાગ્યો હતો. સાળાને બચાવવા ગૌરવભાઈ કૂદતાં તેઓ પણ ડૂબવા લાગ્યા હતા, જે જોઈ તેમની નાની દીકરી ગભરાટમાં પાણીમાં ઉતરી ગઈ હતી. ત્યાંથી પસાર થતાં રાહદારીઓએ હિંમત દાખવીને પિતા-પુત્રીને ઉગારી લીધા હતા, પરંતુ અંકિત તણાઈ ગયો હતો. ઘટના અંગે અડાલજ પોલીસ અને ગાંધીનગર ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવતાં તાત્કાલિક બચાવ કામગીરી શરૂ કરાઈ હતી. ગુરુવાર મોડીસાંજ સુધી સર્ચ ઓપરેશન ચલાવાયું હતું, પરંતુ અંધારું થઈ જતાં રેસ્ક્યૂ સ્થગિત કરવું પડ્યું હતું. બીજા દિવસે શુક્રવારે બહિયલના કુશળ તરવૈયાઓની મદદ લેવા છતાં કોઈ સફળતા મળી ન હતી. પાણીનો પ્રવાહ તેજ હોવાથી અંકિત ઘણે દૂર તણાઈ ગયો હોવાની આશંકાએ શનિવારે પણ આગળના વિસ્તારોમાં સર્ચ ઓપરેશન ચાલુ રખાયું હતું. તહેવારના દિવસે જ ઘટેલી આ દુર્ઘટનાથી પરિવારમાં માતમ છવાઈ ગયો છે.

# શિક્ષક દિને ઉજવણી વચ્ચે વિરોધનો સૂર : જૂની પેન્શન યોજના અને TET મુદ્દે રાજ્યભરના શિક્ષકોએ કાળી પટ્ટી ધારણ કરી

**ગાંધીનગર, તા.05**

સમગ્ર દેશ સહિત રાજ્યભરમાં જ્યારે 5 સપ્ટેમ્બરના રોજ 'શિક્ષક દિન' ની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી રહી હતી ત્યારે ગુજરાતના પ્રાથમિક શિક્ષકોએ પોતાના પડતર પ્રશ્નોને વાચા આપવા માટે કાળી પટ્ટી ધારણ કરીને અનોખો વિરોધ નોંધાવ્યો છે. લાંબા સમયથી પેન્ડિંગ રહેલી વિવિધ ન્યાયિક માંગણીઓ પ્રત્યે સરકારનું ધ્યાન દોરવા માટે રાજ્યના ખૂણે-ખૂણે આવેલા સરકારી પ્રાથમિક શાળાઓના ગુરુજનોએ ફરજ દરમિયાન કાળી પટ્ટી બાંધીને પોતાની નારાજગી વ્યક્ત કરી હતી.

ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ સંઘના પ્રમુખ દિગ્વિજયસિંહ જાડેજાના નેતૃત્વ હેઠળ શિક્ષકોએ એકસૂરે અવાજ ઉઠાવીને સ્પષ્ટ ચેતવણી આપી છે કે, જો તેમની માંગણીઓ નહીં સંતોષાય તો આ લડત હવે માત્ર ગુજરાત પૂરતી સીમિત નહીં રહે પરંતુ રાષ્ટ્રીય સ્તર સુધી લંબાવવામાં આવશે.

**જૂની પેન્શન યોજના અને TET મુક્તિ મુદ્દે આરપારનો મૂડ**





શિક્ષકોની મુખ્ય અને વર્ષો જૂની માંગણીઓમાં જૂની પેન્શન યોજના (OPS) પુનઃ લાગુ કરવાની બાબત મોખરે રહી છે. આ ઉપરાંત ચાલુ સેવા દરમિયાન શિક્ષકો પર લાદવામાં આવતી TET પરીક્ષામાંથી કાયમી મુક્તિ આપવાની બાબત પણ આ વિરોધનું મુખ્ય કેન્દ્રબિંદુ બની છે. શિક્ષક આલમનું કહેવું છે કે વર્ષોથી શિક્ષણ ક્ષેત્રે નિષ્ઠાપૂર્વક ફરજ બજાવતા શિક્ષકોના હક્કો અને સામાજિક સુરક્ષા પ્રત્યે તંત્ર દ્વારા સતત આંખ આડા કાન કરવામાં આવી રહ્યા છે. શિક્ષક દિન જેવા ગૌરવપૂર્ણ અવસરે પણ વિરોધ નોંધાવવા મજબૂર બનવું પડ્યું તે સ્થિતિ અત્યંત ગંભીર છે અને હવે તેઓ પોતાના હક્કો મેળવવા માટે કોઈપણ સ્તરે જવા તૈયાર છે.

**દિલ્હીના જંતર-મંતર પર વિરોધ પ્રદર્શનની રણનીતિ**

ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ સંઘના પ્રમુખ દિગ્વિજયસિંહ જાડેજાએ વિરોધ કાર્યક્રમની રૂપરેખા આપતાં જણાવ્યું હતું કે શિક્ષકોનો આ અસંતોષ હવે ગાંધીનગરથી નીકળીને દેશની રાજધાની નવી દિલ્હી સુધી પહોંચશે.

# 2027ની વિધાનસભા ચૂંટણી પહેલાં AAPનું સંગઠન મજબૂત કરવાની કવાયત

## 100થી વધુ હોદ્દેદારોની નિમણૂક, નડિયાદ શહેર પ્રમુખથી લઈને તાલુકા-મનપાના વોર્ડ પ્રમુખની જવાબદારી સોંપાઈ

**ગાંધીનગર, તા.05**

ગુજરાતમાં 2027ની વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને AAPએ સંગઠનને વધુ મજબૂત કરવાની દિશામાં મહત્વપૂર્ણ નિમણૂકો કરી છે. પાર્ટી દ્વારા નડિયાદ શહેર પ્રમુખની સાથે 31 તાલુકા સંગઠન મંત્રી અને 32 તાલુકા પ્રમુખની નિમણૂક કરવામાં આવી છે. આ ઉપરાંત 24 નગરપાલિકા સંગઠન મંત્રી અને 8 નગરપાલિકા પ્રમુખને પણ જવાબદારી સોંપવામાં આવી છે.

**અંકલેશ્વર GIDC પ્રમુખની પણ નિમણૂક**

મહાનગરપાલિકા સ્તરે પણ પાર્ટીએ સંગઠનને વિસ્તાર્યું છે. 13 મહાનગરપાલિકાના વોર્ડ સંગઠન મંત્રી અને 13 વોર્ડ પ્રમુખની નિમણૂક કરવામાં આવી છે. સાથે જ અંકલેશ્વર GIDC પ્રમુખ અને સંગઠન મંત્રીની પણ નિમણૂક કરવામાં આવી છે.

**પ્રદેશ નેતૃત્વ દ્વારા નિર્ણય**

આ તમામ સંગઠનાત્મક નિમણૂકો AAPના પ્રદેશ પ્રભારી ગોપાલ રાય, પ્રદેશ



પ્રમુખ ઈસુદાન ગઢવી અને પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયા દ્વારા કરવામાં આવી છે. આ નિમણૂકોને 2027ની ગુજરાત વિધાનસભા ચૂંટણી પહેલાં AAP દ્વારા કરવામાં આવી રહેલી સંગઠનાત્મક તૈયારીઓના ભાગરૂપે જોવામાં આવી રહી છે. તાલુકા અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓથી લઈને મહાનગરપાલિકાના વોર્ડ સ્તર સુધી સંગઠનને સક્રિય કરીને આગામી ચૂંટણીમાં પાર્ટીની હાજરી વધુ મજબૂત કરવાનો પ્રયાસ હોવાનું માનવામાં આવે છે. ગુજરાતમાં 2027ની વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને AAPએ સંગઠનને વધુ મજબૂત કરવાની દિશામાં મહત્વપૂર્ણ નિમણૂકો કરી છે. પાર્ટી દ્વારા નડિયાદ શહેર પ્રમુખની સાથે 31 તાલુકા સંગઠન મંત્રી અને 32 તાલુકા પ્રમુખની નિમણૂક કરવામાં આવી છે. આ ઉપરાંત 24 નગરપાલિકા સંગઠન મંત્રી અને 8 નગરપાલિકા પ્રમુખને પણ જવાબદારી સોંપવામાં આવી છે. મહાનગરપાલિકા સ્તરે પણ પાર્ટીએ સંગઠનને વિસ્તાર્યું છે. 13 મહાનગરપાલિકાના વોર્ડ સંગઠન મંત્રી અને 13 વોર્ડ પ્રમુખની નિમણૂક કરવામાં આવી છે.

સાથે જ અંકલેશ્વર GIDC પ્રમુખ અને સંગઠન મંત્રીની પણ નિમણૂક કરવામાં આવી છે. આ તમામ સંગઠનાત્મક નિમણૂકો AAPના પ્રદેશ પ્રભારી ગોપાલ રાય, પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી અને પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયા દ્વારા કરવામાં આવી છે. આ નિમણૂકોને 2027ની ગુજરાત વિધાનસભા ચૂંટણી પહેલાં AAP દ્વારા કરવામાં આવી રહેલી સંગઠનાત્મક તૈયારીઓના ભાગરૂપે જોવામાં આવી રહી છે. તાલુકા અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓથી લઈને મહાનગરપાલિકાના વોર્ડ સ્તર સુધી સંગઠનને સક્રિય કરીને આગામી ચૂંટણીમાં પાર્ટીની હાજરી વધુ મજબૂત કરવાનો પ્રયાસ હોવાનું માનવામાં આવે છે.

# દેવમોગરા યાહામોગી માતાજી મંદિરના વિકાસ માટે વધુ 13.02 કરોડ મંજૂર : ફેઝ-2માં ધર્મશાળા, ટોઈલેટ બ્લોક અને ગર્ભગૃહનું રિનોવેશન થશે

**ગાંધીનગર, તા.05**

નર્મદાના સાગબારા તાલુકાના દેવમોગરા ખાતે આવેલા શ્રી યાહામોગી માતાજી મંદિરના વિકાસને વધુ વેગ મળશે. આદિવાસી સમાજની આસ્થા સાથે જોડાયેલા આ ધાર્મિક સ્થળના ફેઝ-2ના વિકાસ માટે રૂ.13.02 કરોડના પ્રોજેક્ટને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ મંજૂરી આપી છે ફેઝ-2ના કામમાં બે નવા ટોઈલેટ બ્લોક, ટ્રસ્ટની જગ્યામાં નવી ધર્મશાળા તથા શ્રી યાહામોગી માતાજી મંદિરના ગર્ભગૃહનું રિનોવેશન સહિતની કામગીરી હાથ ધરવામાં આવશે. આ કામ પૂર્ણ થયા બાદ દેવમોગરા ખાતે આવતા શ્રદ્ધાળુઓ માટે રહેઠાણ, સ્વચ્છતા અને મંદિર પરિસરની સુવિધાઓમાં વધારો થશે.

**ફેઝ-1માં રૂ.11.33 કરોડના ખર્ચે વિકાસ કરાયો હતો**

દેવમોગરા ખાતે શ્રદ્ધાળુઓ અને પ્રવાસીઓને સુવિધા મળી રહે તે માટે ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા તબક્કાવાર વિકાસ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. અગાઉ ફેઝ-1માં રૂ.11.33 કરોડના ખર્ચે વિવિધ સુવિધાઓ વિકસાવવામાં આવી હતી. ફેઝ-1 હેઠળ ધર્મશાળા, સેન્ટ્રલ વિસ્ટા, ટોઈલેટ બ્લોક, પથ્થરનો પ્રવેશદ્વાર, પાર્કિંગ, પાથવે તેમજ 295 દુકાનોની સુવિધાઓ કરાઈ



હતી. જેના કારણે મંદિર ખાતે આવતા શ્રદ્ધાળુઓ અને પ્રવાસીઓને પાયાની સુવિધાઓમાં વધારો થયો છે.

**ધાર્મિક પ્રવાસનની સાથે સ્થાનિક રોજગારીને પણ ફાયદો**

ફેઝ-2ની કામગીરીથી દેવમોગરા ખાતે યાત્રાળુઓ માટેની સુવિધાઓ વધુ મજબૂત બનશે. ખાસ કરીને ધર્મશાળાના નિર્માણથી બહારથી આવતા શ્રદ્ધાળુઓને રહેવાની સુવિધા મળશે, જ્યારે નવા ટોઈલેટ બ્લોકથી સ્વચ્છતાની વ્યવસ્થા સુધરશે. મંદિરના ગર્ભગૃહના રિનોવેશનથી ધાર્મિક સ્થળના સંરક્ષણ અને વિકાસને પણ વેગ મળશે. સમગ્ર પ્રોજેક્ટથી દેવમોગરાના ધાર્મિક પ્રવાસનને પ્રોત્સાહન મળવાની સાથે સ્થાનિક વેપાર, રોજગારી અને આર્થિક પ્રવૃત્તિઓને પણ વેગ મળવાની શક્યતા છે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

આપે છે તક...

બનો સોશિયલ જર્નાલિસ્ટ

આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.

વોટ્સએપ નંબર - 8980070599





